સુવિચાર

પેલા અને છેલ્લા શ્વાસની વચ્ચે માણસે જે કામ કર્યા હોય તેના પરથી નક્કી થાય છે કે માણસ મૃત્યુ પછી પણ બીજા કેટલા વર્ષ જીવશે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટમાં દલિત યુવાનની હત્યાના કેસમાં ત્રણ આરોપીઓ ઝડપાયાઃ સુત્રધાર સહિત બેની શોધખોળ P-4

Year-16, Issue-283 ■ DATE : 17-03-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પાક.નું ના પાક કૃત્ય : કાબુલની હોસ્પિટલ પર હુમલામાં ૪૦૦ના મોત

## રમઝાનના પવિત્ર મહિનામાં શરમજનક કૃત્ય : વિશ્વભરમાંથી ફટકાર : પાક. અને અફઘાન વચ્ચેનો તણાવ ચરમસીમાએ : ૨૫૦ ઈજાગ્રસ્ત : સરહદ પર પણ બન્ને દળોના ગોળીબારમાં ચારના મોત

**મુખ્ય સમાચાર, કાબુલ**

ઈદ નજીક આવી રહી છે, અને ખૂબ જ ખાસ ગણાતા પવિત્ર રમઝાન મહિનાના છેલ્લા થોડા દિવસો બાકી છે. આ દરમિયાન પાકિસ્તાને બધી હદો પાર કરી દીધી છે. પાકિસ્તાને અફઘાનિસ્તાનના કાબુલમાં એક ડ્રગ રિહેબિલિટેશન હોસ્પિટલ પર હવાઈ હુમલો કર્યો. આ હુમલામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૦૦ લોકો મૃત્યુ પામ્યા છે. નોંધનીય છે કે આ એ જ હોસ્પિટલ છે જ્યાં અફઘાન ક્રિકેટરોએ તાજેતરમાં દર્દીઓની મુલાકાત લીધી હતી.સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં અફઘાન ક્રિકેટર ગુલબદ્દીન નાયબ અને હશમતુલ્લાહ શાહિદી દર્દીઓને મળી રહ્યા છે અને તેમની સાથે મજાક કરી રહ્યા છે.

તાજેતરના દિવસોમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ ખુબ જ વધી ગયો છે. સોમવારની રાત્રે પાકિસ્તાની વાયુસેનાએ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ સહિત કેટલાક વિસ્તારોમાં એરસ્ટ્રાઈક કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે. સ્થાનિક મીડિયા મુજબ આ હુમલાઓમાં ભારે જાનહાનિ થઈ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. અહેવાલો અનુસાર, કાબુલના વિવિધ વિસ્તારોમાં થયેલા બોમ્બ વિસ્ફોટ અને ગોળીબારના અવાજોથી લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. કેટલીક માહિતી મુજબ આ



હુમલાઓમાં લગભગ ૪૦૦ લોકોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જ્યારે ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

અફઘાનિસ્તાનના નાયબ સરકારના પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે પાકિસ્તાની હુમલાની પુષ્ટિ કરી. તેમણે જણાવ્યું કે પાકિસ્તાની હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૦૦ લોકો માર્યા ગયા છે અને ૨૫૦ લોકો ઘાયલ થયા છે.

તેમણે X પર લખ્યું, પાકિસ્તાની સેનાએ સવારે ૯ વાગ્યે ઓમિદ વ્યસન સારવાર હોસ્પિટલ પર હવાઈ હુમલો કર્યો. આ હોસ્પિટલમાં ડ્રગ્સના વ્યસનની સારવાર માટે ૨,૦૦૦ પથારી છે. આ હુમલામાં હોસ્પિટલનો મોટો ભાગ નાશ પામ્યો હતો, અને ઘણા લોકોના મોતની આશંકા છે. કમનસીબે, અત્યાર સુધીમાં ૪૦૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૨૫૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. બચાવ ટીમો આગને કાબૂમાં લેવા અને ઘટનાસ્થળે પીડિતોના મૃતદેહ મેળવવા માટે કામ કરી રહી છે.

પાકિસ્તાન માને છે કે આ ખોટા સમાચાર છે અને કાબુલમાં કોઈ હોસ્પિટલને નિશાન બનાવવામાં આવી નથી. પાકિસ્તાની વડા પ્રધાન શાહબાઝ શરીફના પ્રવક્તા મુશર્રફ ઝૈદીએ આ વાતનો ઇનકાર કર્યો છે અને કહ્યું છે કે કોઈ હોસ્પિટલને નિશાન બનાવવામાં આવી નથી.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૪/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૪/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૭,૪૬૦ | ₹૨,૬૯,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૨.૪૨ | ₹૧૨૩.૦૨ |

# યુનિફોર્મ સિવિલ કોડ કમિટીએ ફાઈનલ રિપોર્ટ સીએમને સોંપ્યો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત રાજ્યમાં સમાન નાગરિક સંહિતા અમલમાં લાવવાની દિશામાં રાજ્ય સરકાર હવે નિર્ણાયક તબક્કે પહોંચી છે. UCCના ડ્રાફ્ટ અને ભલામણો તૈયાર કરવા માટે રચાયેલી ખાસ કમિટીએ પોતાનો વિસ્તૃત અને અંતિમ રિપોર્ટ આજે (૧૭મી માર્ચ) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સુપ્રત કર્યો છે. મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં કમિટીના સભ્યોએ રિપોર્ટ રજૂ કરતા હવે કાયદો બનવાની પ્રક્રિયા તેજ બની છે.

રાજ્ય સરકાર દ્વારા આ કમિટીની રચના ચોથી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી. આ કમિટીએ છેલ્લા એક વર્ષ દરમિયાન વિવિધ ધર્મ, જ્ઞાતિના અગ્રણીઓ, કાયદાકીય નિષ્ણાતો અને સામાન્ય જનતાના અભિપ્રાયો મેળવ્યા હતા. ત્યારે ૧૭મી માર્ચે કામકાજ



સલાહકાર કમિટીની બેઠકમાં આ અંગે ચર્ચા થશે અને સરકાર દ્વારા કુલ ૪ વિધેયકો લાવવાની તૈયારી છે.

યુનિફોર્મ સિવિલ કોડમાં દેશના તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન અને એક સરખા કાયદા બનાવવાની હિમાયત કરવામાં આવી છે. વિવિધ ધર્મના આધારે હાલના વિવિધ કાયદાઓ એક રીતે બિનઅસરકારક બની જાય છે. જો સરળ ભાષામાં કહેવામાં આવે તો આ કાયદાનો અર્થ એ છે કે દેશમાં તમામ ધર્મો અને સમુદાયો માટે કાયદો સમાન હશે, જે સંસદ દ્વારા નક્કી કરવામાં આવશે. બંધારણની કલમ ૪૪ હેઠળ યુનિફોર્મ સિવિલ કોડ આવે છે. જે જણાવે છે કે રાજ્ય સમગ્ર ભારતમાં નાગરિકો માટે યુનિફોર્મ સિવિલ કોડ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે. આ કલમ હેઠળ દેશમાં આ યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની માંગ કરવામાં આવી છે. આ પાછળનો તર્ક વસ્તીને નિયંત્રિત કરવાનો છે. યુનિફોર્મ સિવિલ કોડ અનુસાર બધા ધર્મ માટે લગ્ન, છૂટાછેડા, દત્તક અને મિલકતમાં બધા માટે એક જ નિયમ લાગુ કરવો. તેમજ પરસ્પર સંબંધો અને પરિવારના સભ્યોના અધિકારોમાં સમાનતા આપવી. આ ઉપરાંત વ્યક્તિની જાતિ, ધર્મ કે પરંપરાના આધારે નિયમોમાં કોઈ છૂટછાટ આપવી નહીં. તેમજ કોઈ ચોક્કસ ધર્મ માટે કોઈ અલગ નિયમ નહીં.

અંતર્ગત દરેક સમુદાય કે ધર્મ માટે લગ્ન, છૂટાછેડા, દત્તક, સંપતિ જેવી બાબતોમાં બધા માટે એક જ કાયદો લાગુ થશે. ઉદાહરણ તરીકે જે કાયદો હિંદુ ધર્મ માટે હશે તે જ કાયદો અન્ય ધર્મ માટે પણ હશે. તેમજ છૂટાછેડા આપ્યા વગર બીજા લગ્ન નહીં કરી શકાય. શરીયત મુજબ મિલકતના ભાગ નહીંપડે. UCCના અમલીકરણથી ધાર્મિક માન્યતાઓ કે રિવાજોમાં કોઈ જ બાબત નહિ બદલાય. આ ઉપરાંત લોકોના ખાનપાન, પૂજા, ડ્રેસિંગ વગેરે પર કોઈ અસર નહીં.

# મ્યુ. ફંડ હવે નાણાકિય સંસ્થાઓ પાસેથી એક દિવસની ઉધારી લઈ શકશે : સેબી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બજાર નિયામક સેબીએ શુક્રવારે મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ માટે નવા નિયમો જાહેર કર્યા છે. તેના મુજબ હવે મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ બેંકો જેવી નાણાકીય સંસ્થાઓ પાસેથી એક જ દિવસ (ઈન્ટ્રાડે) માટે ઉધાર લઈ શકશે. ઘણી વખત સવારે રોકાણકારોને પૈસા પરત આપવા અને સાંજે ફંડ પાસે પૈસા આવવાનાં વચ્ચે સમયનો તફાવત રહેતો હતો, જેને આ ઉધાર દ્વારા પૂરો કરી શકાય છે. આ નિયમો ૧ એપ્રિલથી અમલમાં આવશે. સેબીનું કહેવું છે કે, હાલ બજારમાં ખાસ કરીને લિક્વિડ અને ઓવરનાઈટ સ્કીમોમાં રોકાણકારોને પૈસા સવારે આપવામાં આવે છે, જ્યારે મ્યુચ્યુઅલ ફંડના પોતાનાં રોકાણમાંથી પૈસા ઘણી વખત એ જ




દિવસની સાંજે પાછા આવે છે. સવારે અને સાંજે વચ્ચેનાં આ સમયનાં તફાવત એટલે કે ટાઈમિંગ મિસમેચને પૂરો કરવા માટે મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ બેંકો પાસેથી એક જ દિવસ માટે ઉધાર લે છે. સેબીએ સ્પષ્ટ કર્યું છે કે, આ પ્રકારનાં ઈન્ટ્રાડે ઉધારનો ઉપયોગ ફક્ત કેટલાક ખાસ કામો માટે જ કરી શકાય છે. જેમ કે, રોકાણકારોને તેમના પૈસા પરત આપવા રિડેમ્પ્શન, વ્યાજ ચૂકવવું, રોકાણકારોને ડિવિડન્ડ (આઈડીસીડબલ્યુ) ચૂકવવું.

# LPG ગેસ ભરેલ જહાજ નંદા દેવી વાડીનાર પોર્ટ પર પહોંચ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેવભૂમિ દ્વારકાના વાડિનાર પોર્ટ પર વિશાળ નંદા દેવી જહાજ પહોંચી ગયું છે. ઈરાનની સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાર કરીને ભારતનું બીજું જહાજ પણ ગુજરાત પહોંચી ગયું છે. નંદા દેવી આજે સફળતાપૂર્વક વાડિનારના કિનારે લેન્ડ થયું છે. નંદા દેવી જહાજનું વાડિનાર પહોંચવું દેશ માટે અત્યંત મહત્વનું માનવામાં આવી રહ્યું છે. પોર્ટ પ્રશાસન અને કોસ્ટ ગાર્ડ (તટરક્ષક દળ)ની દેખરેખ હેઠળ જહાજનું સુરક્ષિત એન્કરિંગ કરવામાં આવ્યું છે. વાડિનારના ડીપ વોટર ટર્મિનલ પર હવે કાર્ગો અનલોડિંગની પ્રક્રિયા શરૂ કરવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે.

યુદ્ધ વચ્ચે ગેસના જથ્થા સાથે ગઈકાલે એક જહાજ કચ્છના મુન્દ્રા પોર્ટ પર પહોંચ્યું હતું. કચ્છના મુંદ્રા



પોર્ટ સાથે આજે વાડીનાર પોર્ટ પર મળી બે મહત્વના ભારતીય જહાજો ગેસનો જથ્થો લઈને આવી ગયા છે. બને જહાજમાં ૯૨૭૦૦ ટન LPG ગેસ જથ્થો ભારત પહોંચ્યો છે. ગઈકાલે મુન્દ્રા પોર્ટ પર શિવાલીક જહાજમાં ૪૪ હજાર મેટ્રિક ટન LPG ગેસ લવાયો હતો, જેમાં ૨૦ હજાર મેટ્રિક ટન પાઈપ મારફતે પોર્ટ પર ટેન્કમાં રિફિલ કરાયો છે. જ્યારે ૨૪ હજાર મેટ્રિક ટન ગેસ મેંગ્લોર મોકલવામાં આવશે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને હોર્મુઝમાં સર્જાયેલી અડચણો વચ્ચે આ ભારત માટે ખૂબ જ રાહતના સમાચાર છે. ગઈકાલે શિવાલિક નામનું જહાજ બપોર બાદ કુલ ૩ ટાઈમ લાઈન બદલાતા મુંદ્રા પોર્ટ પર સાંજે ૫ વાગે પહોંચ્યું હતું. ભારતીય ધ્વજ ધરાવતું કેરિયર ભારતની મહેનતે હોર્મુઝને સુરક્ષિત રીતે પાર કરી મુંદ્રા બંદરે પહોંચ્યું હતું.

તો આજે નંદા દેવી જહાજ કંડલા પોર્ટન બદલે વાડીનાર પોર્ટ પર નંદા દેવી જહાજ આવી ગયું છે. નંદા દેવી જહાજમાંથી LPG ગેસ ધ્વણુરૂ બ્રિઝ અને MP જગ પ્રતાપ મીની જહાજમાં ટ્રાન્સફર થશે.

# રાજ્યસભાની ચૂંટણીમાં નીતીશકુમાર સહિત NDAના પાંચેય ઉમેદવારોનો ભવ્ય વિજય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજ્યોમાં સોમવારે રાજ્યસભાની ૩૭ બેઠકો માટે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આ ચૂંટણીમાં સૌથી વધુ આકર્ષણ બિહાર પર હતું, જ્યાં સત્તાધારી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સએ તમામ પાંચ બેઠકો પર કબ્જો જમાવીને વિરોધ પક્ષોને મોટો આંચકો આપ્યો છે. સાત રાજ્યોમાં ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા, જ્યારે બિહાર, ઓડિશા અને હરિયાણામાં મતદાનની જરૂર પડી હતી.

બિહારની પાંચ બેઠકો માટે થયેલા જંગમાં મુખ્યમંત્રી નીતીશ કુમાર, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, ઉપેન્દ્ર કુશવાહા, રામનાથ ઠાકુર અને શિવેશ કુમાર વિજેતા જાહેર થયા છે. નીતીશ કુમાર અને નીતિન નવીન બંનેને ૪૪-૪૪ ધારાસભ્યોના મત મળ્યા હતા. જ્યારે ઉપેન્દ્ર કુશવાહા અને રામનાથ ઠાકુરને ૪૨-૪૨ મત પ્રાપ્ત થયા હતા. પાંચમી બેઠક માટે શિવેશ કુમાર અને મહાગઠબંધનના અમરેન્દ્ર ધારી સિંહ વચ્ચે જોરદાર ટક્કર હતી. જોકે, કોંગ્રેસના મનોહર પ્રસાદ, સુરેન્દ્ર કુશવાહા, મનોજ વિશ્વાસ અને આરજેડીના ફૈઝલ રહેમાન એમ કુલ ૪ ધારાસભ્યોએ મતદાનથી અંતર જાળવતા એનડીએના શિવેશ કુમારનો વિજય થયો હતો. શિવેશ કુમારને બીજી પસંદગીના મતોના આધારે ૪૨૦૨ વેલ્યુ મળી હતી, જ્યારે અમરેન્દ્ર ધારી સિંહને ૩૭૦૦ વેલ્યુ મળી હતી.

ઓડિશાની ચાર બેઠકો પર પણ ભારે રાજકીય ખેંચતાણ જોવા મળી હતી. ભાજપે અહીં બે બેઠકો જીતવામાં સફળતા મેળવી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલ અને વર્તમાન સભ્ય સુજીત કુમાર ફરીથી ઉપલા ગૃહમાં પહોંચ્યા છે. આ સિવાય ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર દિલીપ રાયે પણ જીત મેળવી છે. બીજુ જનતા દળ અને કોંગ્રેસના અંદાજે આઠ ધારા-સભ્યોએ દિલીપ રાયની તરફેણમાં ક્રોસ વોટિંગ કર્યું હતું. બીજેડી તરફથી સંતૃપ્ત મિશ્રા વિજેતા બન્યા છે.

હરિયાણાની બે બેઠકો માટે થયેલી ચૂંટણી વિવાદોમાં રહી હતી. ભાજપ અને કોંગ્રેસે એકબીજાના ધારાસભ્યો દ્વારા મતપત્રની ગુપ્તતા ભંગ કર્યાના આક્ષેપો સાથે ચૂંટણી પંચમાં ધા નાખી હતી. ભાજપે કોંગ્રેસના ધારાસભ્યો પરમવીર સિંહ અને ભરત બેનીવાલ સામે વાંધો ઉઠાવ્યો હતો, જ્યારે કોંગ્રેસે અનિલ વિજ સામે ફરિયાદ કરી હતી. ચૂંટણી પંચે પરમવીર સિંહનો મત અમાન્ય જાહેર કર્યો હતો, જેના કારણે ગણતરીમાં વિલંબ થયો. અંતે ભાજપના સંજય ભાટિયા અને કોંગ્રેસના કરમવીર સિંહ બૌદ્ધ વિજેતા જાહેર થયા હતા.

# રાજકોટ મ્યુ. કમિશનરનો મહત્વનો નિર્ણયઃ મહાપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની સત્તા હવે ત્રણ ઉચ્ચ અધિકારીઓને સોંપાઈ

રાજકોટ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના શાસકોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતાની સાથે વહીવટી પ્રક્રિયામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ખાસ કરીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રોજેક્ટ્સ અને કામોના રાજ્યમાન્ય કરારો (એગ્રીમેન્ટ) પર સહી કરવાની સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોની સત્તા હવે વહીવટી અધિકારીઓને સોંપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ આ અંગે સત્તાવાર આદેશ જારી કરીને નવી ચૂંટાયેલી બોડી અસ્તિત્વમાં ન આવે ત્યાં સુધીની વચગાળાની વ્યવસ્થા ગોઠવી છે. સામાન્ય રીતે રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો દ્વારા અમલી બનાવવામાં આવતા કોન્ટ્રાક્ટ અને એજન્સીઓ સાથેના કરારો માટે એક ચોક્કસ કાનૂની પ્રક્રિયા અનુસરવામાં આવે છે. નિયમાનુસાર ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિયત સ્ટેમ્પ પેપર પર એજન્સીઓ પાસેથી રાજ્યમાન્ય કરારો કરવામાં આવતા હોય છે. જીપીએમસી એક્ટની જોગવાઈઓ મુજબ, કોર્પોરેશન દ્વારા કરવામાં આવતા કરારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની મુદ્રા (સીલ) મારવી અનિવાર્ય છે.

# ઈરાનની સોદાબાજી? ભારતે જપ્ત કરેલા ત્રણ ક્રુડ ટેન્કર છોડવા માગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હોર્મુઝ સ્ટ્રેટમાંથી ગેસ ક્રુડ ભરેલા ત્રણ જહાજો ભારત આવ્યા છે. ઈરાને છૂટ આપ્યા બાદ આ જહાજોનું આગમન શક્ય બન્યું હતું. હવે ઈરાને આ મામલે સોદાબાજી શરુ કરી હોય તેમ ભારતે ગત મહિને જપ્ત કરેલા ત્રણ ક્રુડ ટેન્કર છોડવા માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત દવાની સપ્લાય કરવા પણ ઈરાને માંગ કરી છે.

ભારતે ગત ફેબ્રુઆરી મહિનામાં ઈરાનનું કનેક્શન ધરાવતા ત્રણ ઓઈલ ટેન્કર ભારતીય જળ સીમામાંથી જપ્ત કર્યા હતા. દરિયામાં ગેરકાયદે શીપ ટ્રાન્સફર તથા ઓળખ છૂપાવવાના મામલે ભારત સરકારે આ કાર્યવાહી કરી હતી.

હવે ઈરાને આ ત્રણેય ઓઈલ ટેન્કર મુક્ત કરવા ભારત સમક્ષ માંગણી મુકી છે. ભારતના ત્રણ જહાજોને હોર્મુઝ ખાડીમાંથી પસાર કરવાની મંજુરી આપી હોવાના બદલામાં આ ત્રણ ટેન્કર છોડવા



ઈરાને માંગ મુકી છે. આ સિવાય ભારતમાંથી કેટલીક દવાઓ તથા તબીબી સાધનોની પણ માંગણી મુકવામાં આવી છે.

સુત્રોના કહેવા પ્રમાણે ભારત ખાતેના ઈરાની રાજદૂત ભારતના વિદેશ મંત્રાલયના અધિકારીઓને મળ્યા હતા અને આ મુદ્દે વાતચીત કરી હતી. આ મુદ્દો સંવેદનશીલ હોવાના કારણે તે વિષે કોઈ સત્તાવાર પુષ્ટી કરવામાં આવી નથી. ઈરાને છેલ્લા દિવસોમાં ભારતના ત્રણ જહાજોને હોર્મુઝ ખાડી પસાર કરવામાં મદદ કરી હતી અત્રે ઉલ્લેખનીય છે.

ઈરાન યુધ્ધને કારણે ભારતનું ક્રુડ ગેસનું પરિવહન ગંભીર રીતે પ્રભાવિત થયું છે. ભારતનું ૬૦ ટકા પરિવહન હોર્મુઝ ખાડીમાંથી થાય છે જે બંધ થવાના કારણે દેશમાં પેટ્રોલીયમ વચ્ચે પડકારજનક પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

ઈરાન દ્વારા હવે સોદાબાજી શરૂ થવાના સંજોગોમાં આવતા દિવસોમાં નવો પડકાર ઉભો થઈ શકે છે. કારણ કે ભારતના ૨૨ જહાજો હજુ હોર્મુઝ આસપાસ અટવાયેલા છે અને તેને બહાર કાઢવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. આ ૨૨ જહાજોમાં ૬૧૧ ખલાસીઓ પણ મોજુદ છે.

ભારત દ્વારા ગત મહિને ત્રણ જહાજો જપ્ત કરવામાં આવ્યા તેમાંથી એકમાં ઈરાની ધ્વજ હતો, જ્યારે અન્ય બેમાં નીકારાગુઆ અને માલીના ધ્વજ હતા. આ કેસમાં ભારતીય કોર્સ્ટ ગાર્ડે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી જેમાં ભારે ઈંધણની દાણચોરીનો ઉલ્લેખ કરાયો છે.

# ૩૧ માર્ચ બાદ પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો થવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન યુધ્ધના કારણે ભારત સહિત દુનિયાભરના દેશોમાં ક્રુડ તેલ અને ગેસની સમસ્યાને કારણે અર્થતંત્ર પર ગંભીર અસર પડવાનું શરુ થઈ ગયું છે. ભારતીય રિફાઈનરીને ક્રુડ તેલની પડતરમાં ૯૩ ટકા જેવો ધરખમ વધારાનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારતીય ક્રુડ બાસ્કેટની કિંમત વધીને ૧૩૬.૫૬ ડોલર સુધી પહોંચી ગઈ છે જે યુધ્ધ શરુ થયું તે પૂર્વે (૨૬ ફેબ્રુઆરી) માત્ર ૭૦.૯ ડોલર હતી આ સંજોગોમાં ૩૧ માર્ચ બાદ ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે.

ક્રુડ તેલની કિંમતમાં જોરદાર વધારાને કારણે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલીયમ, ભારત પેટ્રોલીયમ જેવી સરકારી ઉપરાંત રીલાયન્સ જેવી ખાનગી કંપનીઓના માર્જીન સંપૂર્ણપણે ધોવાઈ ગયા છે.




અમેરિકા સહિતના દેશોએ પેટ્રોલ-ડીઝલની કિંમત વધારી દીધી છે પરંતુ ભારતે હજુ તેમાં કોઈ ફેરફાર કર્યો ન હોવાથી વપરાશકારોને ઘણા અંશે રાહત છે પરંતુ પ્રવર્તમાન સ્થિતિમાં કોઈ બદલાવ ન થવાના સંજોગોમાં ભારતમાં પણ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકે છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સરકાર ૩૧ માર્ચ સુધી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો કરવાના મૂડમાં નથી. કારણ કે તેમ કરવાના સંજોગોમાં બજેટના ટાર્ગેટ અને રાજકોષીય સંતુલનને અસર થઈ શકે છે. આ સ્થિતિ ટાળવા ભાવને યથાવત રાખવામાં આવશે.

આ જ રીતે રાજકીય કારણ પણ રહ્યું છે. પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, આસામ સહિત પાંચ રાજ્યોમાં આવતા મહિને ચૂંટણી યોજાવાની છે. પેટ્રોલ-ડીઝલ મોંઘુ થવાના સંજોગોમાં ચૂંટણી પર અસર થવાની ભીતિને કારણે પણ સરકાર ભાવ વધારો નિર્ણય લેશે કે કેમ તે જોવાનું રહેશે.

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેનું યુધ્ધ શરુ થયું ત્યારથી જ વિશ્વ બજારમાં ક્રુડતેલના ભાવમાં ભડકો થયો છે. ડબલ્યુટીઆઈ ક્રુડમાં ૫૦ ટકા અને બ્રેન્ટ ક્રુડમાં ૪૦ ટકાથી વધુનો વધારો થઈ ગયો છે. આ વધારા પાછળનું કારણ ક્રુડ તેલની સપ્લાય વેરવિખેર થવાનું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં વ્યાજખોરોનો આતંક : ૧૧ લાખના ૨.૪૩ કરોડ ચૂકવ્યા છતાં ખેડૂત પાસે પઠાણી ઉઘરાણી

## વધુ વ્યાજ માટે પરિવારને ઘરબાર વગરના કરી નાખવાની ધમકી, બે ભાઈઓ સામે ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીમાં એક ખેડૂતે કોરોના કાળ દરમિયાન ધંધા માટે વ્યાજે લીધેલા રૂ.૧૧ લાખના બદલામાં અત્યાર સુધી રૂ.૨.૪૩ કરોડ જેટલી રકમ ચૂકવી હોવા છતાં બે વ્યાજખોર ભાઈઓ દ્વારા વધુ વ્યાજની માંગણી અને પરિવારને ઘરબાર વગરના કરી નાખવાની ધમકી તથા પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. હાલ પોલીસે બન્ને આરોપી વ્યાજખોર સામે આઈપીસીની કલમ તથા નાણા ધીરધાર કરનારાઓ બાબત અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, શહેરના શનાળા રોડ ઉપર હાઉસીંગમાં બ્લોક નં. એમ-૭૬૪માં રહેતા મૂળ નેસડા(ખાનપર)ના વતની એવા ખેડૂત અને સ્ટેમ્પ વેન્ડર સુરેશભાઈ પ્રાગજીભાઈ ભાડજા ઉવ.૬૦ એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રમેશભાઈ રામજીભાઈ ભલોડીયા અને અશ્વિનભાઈ રામજીભાઈ ભલોડીયા બન્ને રહે.શનાળા રોડ જીઆઈડીસી સામે આર્યનગર સોસાયટી મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કોરોનાકાળમાં ધંધા માટે નાણાંની જરૂર પડતાં તેમણે ઉપરોક્ત બંને વ્યાજખોર પાસેથી રૂ.૧૧ લાખ પાંચ ટકા વ્યાજે લીધા હતા. શરૂઆતમાં સુરેશભાઈ નિયમિત રીતે દર મહિને વ્યાજ ચૂકવતા હતા. બાદમાં આરોપીઓએ અઠવાડિયામાં અલગ અલગ વારે વ્યાજ વસૂલવાની શરૂઆત કરી હતી. સોમવારે રૂ.૨૦,૦૦૦, મંગળવારે રૂ.૨૫,૦૦૦ અને ગુરુવારે રૂ.૯૦,૦૦૦ એમ દર અઠવાડિયે કુલ રૂ.૧,૩૫,૦૦૦ જેટલી રકમ વ્યાજ રૂપે લેવામાં આવતી હતી. આમ દર મહિને લાખો રૂપિયાનું વ્યાજ ચુકવવાનું થતું હતું. તેમાં પણ એકાદ મહિનો વ્યાજ ચુકવવામાં મોડું થાય તો તે રકમ મુદલમાં ઉમેરી વધુ વ્યાજની ગણતરી કરવામાં આવતી હતી. આ રીતે વર્ષ ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ભોગ બનનાર ફરિયાદીએ રૂ.૨.૪૩ કરોડ જેટલી રકમ ચુકવી દીધી હોવા છતાં આરોપીઓ વધુ વ્યાજની માંગણી કરતા હતા. વ્યાજ ચૂકવવા માટે તેમણે પોતાના નેસડા-ખાનપર ગામની જમીન પણ વેચી નાખી હતી અને પરિવારજનો પાસેથી પણ લાખો રૂપિયા ઉછીના લઈને આરોપીઓને ચૂકવ્યા હતા.

તેમ છતાં વધુ રકમની માંગણી કરતા અને રૂપિયા નહીં આપે તો પરિવારને ઘરબાર વગરના કરી નાખવાની તેમજ ગુંડાઓ મારફતે નુકસાન પહોંચાડવાની ધમકી આપતા હતા. આથી આખરે કંટાળી ખેડૂતે પોલીસ ફરિયાદ કરી હતી. હાલ સીટી એ ડિવિઝન પોલીસે બંને આરોપી સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના ગુંદાળા ગામે આંગણવાડી ન હોવાને કારણે બાળકોનું ભવિષ્ય અંધકારમય

## તાળા બંધીનો કાર્યક્રમ છતા કોઈ પરિણામ નહીં : નવી આંગણવાડી બને તેવી ગ્રામજનોની માંગ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ગુંદાળા ગામે છેલ્લા ઘણા સમયથી સરપંચના પ્રતિનિધિ અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર જાણે મૌન સીવીને બેઠ્યું છે તાલુકા ના ગુંદાળા ગામે લાંબા સમયથી બાળકો ભાડૂતીના મકાનમાં ભણવા મજબૂર થયા છે તાલુકો ખૂબ મોટો હોવાને કારણે વિકાસ પણ ખૂબ થયો છે પણ ક્યાંક ને ક્યાંક દેખાય છે કે ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ થયો જ નથી તેવું દ્રશ્ય જોવા મળે છે સરપતના પ્રતિનિધિ દ્વારા તાળાબંધી નો પણ કાર્યક્રમ કરવામાં આવ્યો પણ માત્ર



તંત્ર તરફથી આશ્વાસન આપવામાં આવે છે તે થઈ જશે થઈ જશે જ્યારેઅનેક ગામડાઓમાં એક વગરની બે બે આંગણવાડીઓ પણ આપવામાં આવી છે તો તેવી સૂત્રો પાસેથી માહિતી મળી છે પણ અહીં એક આંગણવાડી માટે ઢગલા બંધ રજૂઆતો છતાં પરિણામે કાંઈ નહી આંગણવાડી બને તો બાળકો વ્યવસ્થિત રીતેતે ભણે અને તેઓ આગળ વધે જ્યારે વાત કરીએ તો ભાજપના અમુક હોદ્દેદારોએ પણ આ બાબતની ગંભીરતા પણ લઈ હતી અને તેઓએ રજૂઆત પણ કરી હતી જે તે સમયે પણ પરિણામ કશું આવ્યું નહીં ત્યારે આજે ગુંદાળા ગામના સરપંચ જૈનમબેન સુલેમાનભાઈ દ્વારા એક રજૂઆત કરવામાં આવી છે અને આંગણવાડી બને તેવી હાલ ગ્રામજનોની પણ માંગ છે

# પોલીસ દ્વારા બુટલેગર, અસામાજિક તત્ત્વોના રહેણાંક મકાનોમાં ચકાસણી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા ધુંવાવ ગામ સહિત હાપા તેમજ ફલ્લા અને પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના ઉપરોક્ત વિસ્તારો ઉપરાંત કાલાવડ શહેર, કાલાવડ ગ્રામ્ય તથા ધ્રોલ અને જોડિયા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ગ્રામ્ય ડીવાયએસપી મીત રૂદલાલની સૂચનાથી સર્ચ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણીના ભાગરૂપે ઉપરોક્ત પાંચ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં વસવાટ કરતા લીસ્ટેડ બુટલેગર, ટપોરીઓને ત્યાં ચકાસણી કરવા ઉપરાંત પોલીસે વીજ કંપનીની ચેકીંગ ટીમને સાથે રાખી આ શખ્સોના રહેણાંક મકાનોમાં પણ વીજળી અંગે ચકાસણી કરાવી હતી. ઉપરોક્ત સ્થળોએથી કેટલોક દેશી દારૂ કબજે કરાયો હતો. આ કાર્યવાહીમાં પંચકોશી એ ડિવિઝનના પીઆઈ એમ.એન. શેખ તેમજ સ્ટાફના નિર્મળસિંહ, એસ.જી. જાડેજા સહિતનો સ્ટાફ અને અન્ય ચાર પોલીસ મથકના પીઆઈ તથા સ્ટાફ સાથે રહ્યા હતા.

# નવાગામ ઘેડમાં સ્કૂટરમાં દારૂ-બીયરનો જથ્થો લઈને જતાં બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાંથી ગઈકાલે રાત્રે સ્કૂટરમાં ઈંગ્લીશ દારૂના ૧૦૫ ચપલા તથા બીયરના ૨૮ ટીન સાથે જઈ રહેલા બે શખ્સને પોલીસે પકડી પાડ્યા છે. આરોપીઓએ રાજકોટના એક શખ્સનું નામ આપ્યુ છે.જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલા શ્રીરામ ચોક પાસેથી ગઈકાલે રાત્રે સાડા અગિયારેક વાગ્યે પસાર થઈ રહેલા જીજે-૧૦-ક્યુ ૨૨૪૫ નંબરના એક્સેસ સ્કૂટરને પૂર્વ બાતમીના આધારે સિટી બી ડિવિઝનના સ્ટાફે રોકાવી તલાશી લેતા આ સ્કૂટરમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબના ૧૦૫ ચપલા તથા બીયરના ૨૮ ટીન મળી આવ્યા હતા.આ જથ્થા સાથે રઘુવીરસિંહ જગતસિંહ જાડેજા તથા પૃથ્વીરાજસિંહ જયેન્દ્રસિંહ જાડેજા નામના બે શખ્સની ધરપકડ કરવામાં આવી છે.પોલીસે સ્કૂટર તથા દારૂ-બીયરનો જથ્થો મળી કુલ રૂ.૪૭,૧૬૦નો મુદ્દામાલ કબજે કર્યો છે અને આરોપી પાસેથી રાજકોટના હિતેન્દ્રસિંહ વાળા નામના શખ્સના મળેલા નામના આધારે શોધ હાથ ધરી છે.

# જામનગરમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો ત્રણ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના સીટી 'એ' ડિવિઝન પોલીસે ઘરફોડ ચોરીના વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. તસ્કર એજાજ ઉર્ફે એજલો અને તેના બે સાગરીતો સહિત કુલ ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. તેમની પાસેથી લાખોની કિંમતના સોનાના દાગીના, રોકડ અને મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે.સીટી 'એ' ડિવિઝનનો પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ વિક્રમસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, વિજય કાનાણી, યોગેન્દ્રસિંહ સોઢા અને કિશોર ગાગીયાને સંયુક્ત બાતમી મળી હતી કે, ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ એજાજ ઉર્ફે એજલો ચાલબાજ શેખ ગુજરાતીવાડ વિસ્તારમાં નવા ગુનાને અંજામ આપવા માટે આંટાફેરા કરી રહ્યો છે. પોલીસે વોચ ગોઠવીને એજાજ શેખને ઝડપી લીધો હતો.એજાજની



તલાશી લેતા તેની પાસેથી રૂ. ૪,૩૨,૫૦૦ની કિંમતના સોનાના દાગીના કડલી, ચેન અને પેન્ડલ, રૂ. ૧૭,૦૦૦ રોકડા, રૂ. ૮૦,૦૦૦નો આઈફોન ૧૬-પ્રો અને અન્ય ચાર શંકાસ્પદ મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

આરોપી એજાજની પૂછપરછમાં તેણે ચોરીનો અન્ય મુદ્દામાલ તેના મિત્રો શકીલ અનવરભાઇ ખફી રહે. મસીતીયા.અને સાહીલ રહીમભાઇ સેતા રહે. જામનગર ને સાચવવા આપ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ બંને શખ્સોને ચાંદીબજાર બુગદા પાસે દાગીના વેચવાની પેરવીમાં હતા ત્યારે દબોચી લીધા હતા. તેમની પાસેથી સોનાની વીંટીઓ અને બુટીઓ સહિત કુલ રૂ. ૩,૦૨,૯૦૦ના દાગીના અને ત્રણ મોંઘા મોબાઈલ ફોન મળી આવ્યા હતા.આ કાર્યવાહીમાં કુલ રૂ. ૭,૩૫,૪૦૦ના સોનાના દાગીના, રૂ. ૧૭,૦૦૦ રોકડ રકમ અને રૂ. ૧,૩૧,૦૦૦ની કિંમતના આઠ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૮,૮૩,૪૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.મુખ્ય આરોપી એજાજ ઉર્ફે એજલો રીઢો ગુનેગાર છે. તેની વિરુદ્ધ જામનગર, રાજકોટ અને કચ્છ સહિતના જિલ્લાઓમાં અત્યાર સુધીમાં અંદાજે ૨૨ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પોલીસની આ કાર્યવાહીથી ઘરફોડ ચોરીના બે વણશોધાયેલ ગુનાઓ ડિટેક્ટ થયા છે. હાલ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં બેન્ક ખાતા ભાડે આપીને સોશિયલ મીડિયામાં ઓનલાઈન ફ્રોડ કરતી ગેંગનો પર્દાફાશ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સાયબર સેલે બેંક ખાતા ભાડે આપી ઓનલાઈન છેતરપિંડી કરતી એક ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગે રૂ. ૩.૮૬ કરોડના ટ્રાન્ઝેક્શન દ્વારા છેતરપિંડી આચરી હતી. કાલાવડ, રાજકોટ અને ભાવનગરના ૬ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે, જેમાંથી ત્રણની ધરપકડ કરાઈ છે.જામનગર સાયબર ક્રાઈમ સેલના પી.આઈ. એ.આઈ. ધાસુરા અને તેમની ટીમે કાળુભાઈ ડાડુભાઈ, ભગીરથસિંહ જાડેજા, રાજુભાઈ સહિત આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. સોશિયલ મીડિયા દ્વારા લોકોના નાણાં પડાવી લેવાના પ્રકરણમાં આ ગેંગ સામે કાર્યવાહી કરવામાં આવી છે.સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં કાલાવડ તાલુકાના નાની માટલી ગામના કનૈયાલાલ ખીમજીભાઈ સભાયા, રાજકોટના લાખાભાઈ રાણાભાઈ ઝાપડા અને રાજ મુકેશભાઈ ઝાપડા, તેમજ ભાવનગરના શૈલેષ મકવાણા, પ્રકાશ કાનમિયા અને આર્યન પટેલનો સમાવેશ થાય છે.

આ આરોપીઓએ જુદા જુદા બેંક ખાતા ભાડે આપીને



ગેરકાયદેસર રીતે આર્થિક લાભ મેળવ્યો હતો. કુલ રૂ. ૩,૮૬,૭૪,૭૫૬ ના ટ્રાન્ઝેક્શન કરાવ્યા હતા, જે રકમ અન્ય લોકોના બેંક ખાતામાંથી છેતરપિંડી કરીને જમા કરવામાં આવી હતી. ત્યારબાદ આ રકમ સાયબર ફ્રોડ કરનાર મુખ્ય ગેંગ સુધી પહોંચાડવામાં મદદ કરી હતી. છ સભ્યો સામે ગુનો દાખલ થયા બાદ પોલીસે કનૈયાલાલ સભાયા કાલાવડ લાખાભાઈ ઝાપડા રાજકોટ.અને રાજ ઝાપડા રાજકોટ. એમ ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. તેમને અદાલત સમક્ષ રજૂ કરીને રિમાન્ડની માંગણી કરતા, અદાલતે ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. હાલ આ ત્રણેયની સઘન પૂછપરછ ચાલી રહી છે.

# માળીયા(મી)ના મોટા દહીંસરા ગામે જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી ઝબ્બે



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે પૂર્વ બાતમીને આધારે મોટા દહીંસરા ગામમાં ખોજાવાસ વાળી શેરી બોરડીવાસમાં જુગાર અંગેની રેઈડ કરી હતી. જ્યાંથી ગંજીપત્તાના પાના વડે તીનપત્તિનો જુગાર રમતા લક્ષ્મણગીરી ભિખુગીરી ગોસાઇ, મનસુખલાલ ઉર્ફે મનુભા લાભુભા ગઢવી, હરપાલસિંહ નવુભા જાડેજા, રામદેવસિંહ સુખદેવસિંહ જાડેજા તથા સામતભાઇ ભિખાભાઇ બાંભવા બધા રહે. મોટા દહીંસરા ગામ તા. માળીયા(મી) વાળાને રોકડા રૂ.૧૦,૫૦૦/-સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લઈ પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ધનવંતરી આરોગ્ય રથને કલેક્ટરે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

## બાંધકામ શ્રમિકોને ઘરઆંગણે મળશે નિઃશુલ્ક તબીબી તપાસ અને દવાઓની સુવિધા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ અને સ્વાસ્થ્ય રક્ષા માટે રાજ્ય સરકારના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા નવીન ધનવંતરી આરોગ્ય રથ ફાળવવામાં આવ્યો છે. મોરબી જીલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતેથી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના હસ્તે આ આરોગ્ય રથનું વિધિવત પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોરબી જીલ્લા પોલીસ વડા મુકેશ પટેલ અને જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.





આ રથના માધ્યમથી જીલ્લાના વિવિધ બાંધકામ સાઈટ પર કાર્યરત શ્રમિકોને નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ અને દવાઓનો લાભ પૂરો પાડવામાં આવશે. શ્રમિકો એ રાષ્ટ્રના નિર્માણના પાયામાં છે ત્યારે તેમના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. મોરબીમાં આ ધનવંતરી રથ દ્વારા શ્રમિકોના કામના સ્થળે જઈને આરોગ્યની તપાસ કરવામાં આવશે, જેથી તેમના સમય અને નાણાંની બચત થશે. આ નવીન સુવિધા શરૂ થવાથી મોરબી જીલ્લાના હજારો બાંધકામ શ્રમિકોને આરોગ્યપ્રદ જીવનશૈલી પ્રાપ્ત કરવામાં મોટી મદદ મળશે.

આ પ્રસંગે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.વી. શ્રીવાસ્ત, મોરબી જીલ્લા નિરીક્ષક મિતેશ જોષી, જીલ્લા પ્રોજેક્ટ મેનેજર હરેશભાઇ પરમાર, ધનવંતરી રથના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર જગદીશભાઈ તેમજ રથનો તબીબી સ્ટાફ અને બાંધકામ બોર્ડના જીલ્લા કચેરીના કર્મચારીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જામનગર ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ અને મિલેટ્સ મહોત્સવનું આયોજન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ખેડૂતોના કલ્યાણ અને પ્રાકૃતિક ખેતીના વ્યાપક પ્રસાર માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ અને મિલેટ મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, ખેતીવાડી વિભાગ,આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના ઉચ્ચ.અધિકારીઓએ પ્રેરક ઉપસ્થિતિ નોંધાવી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.કાર્યક્રમ દરમિયાન બાઈસેગના માધ્યમથી રાજ્યકક્ષાના કૃષિ નિષ્ણાતો દ્વારા જીવંત પ્રસારણ દ્વારા વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી, જેમાં રાસાયણિક ખેતીના વિકલ્પ તરીકે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા, જમીનની ફળદ્રુપતા જાળવવા અને ન્યૂનતમ ખર્ચે ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના વિવિધ આયામો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સંવાદમાં ખેડૂતોએ પોતાની મુંઝવણો રજૂ કરી નિષ્ણાતો પાસેથી સ્થળ પર જ ઉકેલ મેળવ્યો હતો.

આ આયોજનની સાથે જ ખેડૂતોમાં પોષણક્ષમ આહાર અને પરંપરાગત પાકો પ્રત્યે જાગૃતિ લાવવા માટે 'મિલેટ મહોત્સવ'નું પણ વિશેષ આયોજન કરાયું હતું, જેમાં બાજરી, જુવાર, રાગી જેવા જાડા ધાન્યોના મહત્વનું પ્રદર્શન યોજાયું હતું.ઉપસ્થિત મહાનુભાવો અને કૃષિ વૈજ્ઞાનિકોએ મિલેટ્સના સ્વાસ્થ્યવર્ધક ફાયદાઓ અને પર્યાવરણની જાળવણીમાં તેના યોગદાન વિશે સમજૂતી આપી હતી. કાર્યક્રમ સ્થળે પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલ પણ ઊભા કરવામાં આવ્યા હતા, જ્યાં ખેડૂતોની શુદ્ધ પેદાશોનું સીધું વેચાણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક પ્રાકૃતિક ખેતી અપનાવવાના શપથ લીધા હતા. કેન્દ્રના વડા દ્વારા આધુનિક ટેક્નોલોજી અને પરંપરાગત ખેતી પદ્ધતિઓના સમન્વય પર ભાર મૂકીને સમગ્ર કાર્યક્રમનું સફળ સમાપન કરવામાં આવ્યું હતું.

# ટંકારાના ઓટાળા નજીક ઈકો કારે બે બાઈકને ઠોકરે ચડાવતા બે વ્યક્તિ ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના ઓટાળા ગામ નજીક એક ઇકો કારના ચાલકે પોતાનું વાહન બેફામ અને ગફલતભરી રીતે ચલાવી બે મોટરસાયકલને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે પોલીસે ઇકો કારચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામના જયસુખભાઈ કાબાભાઈ ડાભીએ નોંધાવેલી ફરિયાદ મુજબ ઇકો કાર નં.જીજે-૩૬-એસી-૫૮૭૯ના ચાલકે બેફામ અને પુર ઝડપે કાર ચલાવી આવી ટંકારા તાલુકાના ઓટાળા ગામ નજીક રોડની સાઈડમાં ઉભેલ ફરીયાદીના ભાઈ ભવાનભાઈ મોટરસાયકલ નં. જીજે-૧૦-ડીપી-૮૦૯૮ સાથે ઉભા હતા ત્યારે પાછળથી આવી જોરદાર ટક્કર મારી હતી. જેના કારણે ભવાનભાઈ રોડની સાઈડમાં ફંગોળાઈ જતા તેમના પગમાં ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ તેમજ માથામાં ટાંકા આવ્યાં હતાં. આ અકસ્માત પહેલા ઇકો કારચાલકે અન્ય એક મોટરસાયકલ નં. જીજે-૧૦-સીએસ-૨૯૪૧ ને પણ અડફેટે લીધું હતું. જેમાં બાઇક ચાલક બલભદ્રસિંહ કિરીટસિંહ જાડેજાને પણ શરીરે ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી. હાલ બનાવ અંગે ટંકારા પોલીસે આરોપી ઇકો કારચાલક સામે બી.એન.એસ. કલમ તેમજ મોટર વાહન અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબી તાલુકા પંચાયતની સત્તા પાંખને પાંચ વર્ષ પૂર્ણ : પટાવાળાને એકટીવા બાઈક અર્પણ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પંચાયતની બોડીના પાંચ વર્ષ પૂર્ણ થતા આ અવસરે તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા પાંચ વર્ષ દરમિયાન કામગીરીમાં સહયોગ આપનાર સદસ્યઓ, કર્મચારીવર્ગ અને વિવિધ રીતે યોગદાન આપનાર તમામ લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના વિકાસ અને કામગીરીમાં સહભાગી રહેલા તમામ લોકોને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મોરબી તાલુકા પંચાયત ખાતે ૩૫ વર્ષથી પણ વધુ સમયથી પટાવાળા તરીકે આઉટસોર્સમાં ફરજ બજાવતા દિલીપભાઈના લાંબા સમયના સેવાકાર્યને માન આપી તાલુકા પંચાયત પરિવાર, તલાટી મંત્રીઓ અને કોન્ટ્રાક્ટરો તરફથી તેમને એક એકટીવા મોપેડ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ



જયંતીભાઈ રાજકોટિયા, ટંકારા-પડધરી વિધાનસભાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના તમામ સભ્યો, જીલ્લા ભાજપ તથા તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં પ્રમુખના પરિવારજનો અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ટેકાના ભાવે ઘઉંની ખરીદી માટે ૨૭ માર્ચ સુધી કરાવી શકાશે ઓનલાઇન રજીસ્ટ્રેશન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રાજ્યના ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખરીદી પ્રક્રિયાને વધુ વ્યાપક બનાવવા અને મહત્તમ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકે તે માટે ઓનલાઇન નોંધણીની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. હવે ઈચ્છુક ખેડૂતો આગામી તા. ૨૭/૦૩/૨૦૨૬ સુધી પોતાના ગ્રામ્ય સ્તરે નોંધણી કરાવી શકશે. ભારત સરકાર દ્વારા ચાલુ સીઝન માટે ઘઉંનો લઘુત્તમ ટેકાનો ભાવ રૂ. ૨૫૮૫/- પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા ખરીદી કરવામાં આવશે. અગાઉ આ નોંધણી પ્રક્રિયા તા. ૦૧/૦૩/૨૦૨૬ ના રોજ પૂર્ણ થતી હતી, પરંતુ ખેડૂતોના હિતમાં મુદત વધારીને હવે તા. ૨૭/૦૩/૨૦૨૬ સુધી રાખવામાં આવી છે. ખેડૂત ખાતેદારોએ પોતાના ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન પદ્ધતિથી નોંધણી કરાવવાની રહેશે. નોંધણી માટે ખેડૂતોએ આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨ અને ૮-અ તેમજ જો પાકની વાવણીની એન્ટ્રી ન થઈ હોય તો તલાટીનો સહી-સિક્કા વાળો દાખલો અને બેંક પાસબુક અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. નોંધણી કરાવેલ ખેડૂતોને ખરીદી અંગેની જાણ SMS મારફતે કરવામાં આવશે. ખરીદીના સમયે પણ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન ફરજિયાત રહેશે. ખોટા દસ્તાવેજો અપલોડ કરનાર અરજદારોની નોંધણી રદ કરવામાં આવશે. નોંધણી બાબતે કોઈ પણ મુશ્કેલી જણાય તો ખેડૂતો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ અથવા ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરી શકે છે તેમ મોરબી જીલ્લાની ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ના નાયબ જીલ્લા મેનેજરની યાદીમાં જણાવાયું છે.

# સરકારી કાર્યક્રમમાં રાજકીય રંગ? ખાખરેચી પીએમ કિસાન ઉત્સવમાં કોંગ્રેસની બાદબાકી

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)તાલુકાના ખાખરેચી ગામે યોજાયેલા પીએમ કિસાન ઉત્સવ અને મિલેટ્સ મેળાના કાર્યક્રમને લઈને રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. સરકારી કાર્યક્રમ હોવા છતાં તેમાં ભાજપના આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યું અને સ્ટેજ પર સ્થાન અપાયું, જ્યારે કોંગ્રેસના તાલુકા પંચાયતના ૬ સભ્યોને આમંત્રણ ન મળતા કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. આ મુદ્દે માળીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ સંદીપભાઈ કાલરીયાએ મામલતદારને ઉગ્ર રજૂઆત કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે સરકારી કાર્યક્રમમાં રાજકીય ભેદભાવ રાખવામાં આવી રહ્યો છે અને અધિકારીઓ ભાજપના ઈશારે કામ કરતા હોય તેવી સ્થિતિ દેખાઈ રહી છે. સંદીપભાઈ કાલરીયાએ કડક શબ્દોમાં કહ્યું કે, આ કાર્યક્રમ સરકારી છે કે ભાજપનો? કોંગ્રેસના આગેવાનો અહીં મંજીરા વગાડવા બેઠા નથી કે તમને ગમે તેમને જ આમંત્રણ આપો. તેમણે વધુમાં દાવો કર્યો કે કેટલાક સ્થળોએ સરપંચોને પણ આમંત્રણ આપવામાં આવતું નથી જે યોગ્ય નથી. સાથે જ ચેતવણી આપી કે આગામી સમયમાં સરકારી કાર્યક્રમોમાં કોંગ્રેસના આગેવાનોને આમંત્રણ ન અપાય તો કાર્યક્રમોનો વિરોધ કરવામાં આવશે.

# રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ LPG અને PNG પૈકી કોઈ પણ એક જ ગેસ કનેક્શન રાખી શકાશે

- PNG ગેસ ધારકો માટે નવા LPG (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ) કનેક્શન પર પ્રતિબંધ
- PNG (પાઈપ્ડ નેચરલ ગેસ) કનેક્શન ધરાવતા ગ્રાહકને LPG કનેક્શન પરત કરવા સુચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં શહેર તથા જિલ્લાના નાગરિકોને ઘરેલુ ગેસનો જરૂરી પુરવઠો મળી રહે તે માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં GSPC (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન) અને ઘરેલુ ગેસનુ વિતરણ કરતી કંપનીના અધિકારીઓ સામેલ થયા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં તરલીકૃત પેટ્રોલીયમ ગેસ(પુરવઠા અને વિતરણનું નિયમન) સુધારા આદેશ, ૨૦૨૬ જાહેર કરવામાં આવ્યો છે, જેના અનુસંધાને રાજ્ય સરકાર અમલી બનાવાયેલા આ સુધારા આદેશની જાણકારી જિલ્લા પુરવઠા અધિકારીઅજય ઝાપડાએ આ બેઠકમાં આપી હતી.

જે મુજબ રાજ્યના નાગરિકો LPG અને PNG પૈકી કોઈ પણ એક જ ગેસ કનેક્શન રાખી શકાશે, બંને કનેક્શન એક સાથે રાખી શકશે નહીં. અથવા સરકારી તેલ કંપનીઓ કે તેમના વિતરકો પાસેથી રીફીલ મેળવી શકશે નહી.

PNG ગેસ ધારકો માટે નવા LPG (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ) કનેક્શન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાથી હવે પીએનજી ગેસ ધારકો નવા ગેસ સિલિન્ડર માટે અરજી કરી શકશે નહીં. PNG (પાઈપ્ડ નેચરલ ગેસ) કનેક્શન ધરાવતા ગ્રાહકને LPG કનેક્શન પરત કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચના આપવામાં આવી છે.

વધુમાં, જિલ્લામાં LPGનો કોઈપણ પ્રકારનો બિન જરૂરી સંગ્રહ(સ્ટોક) તથા કાળાબજારી ન થાય, ગેસ એજન્સીઓ દ્વારા વિતરણ સુવ્યવસ્થિત રીતે થાય તે અર્થે અત્રેથી ત્રણેય ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સતત સંપર્કમાં રહી જરૂરી જથ્થો સમયસર ઉપલબ્ધ થાય તે રાજકોટ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે છે. જિલ્લા પુરવઠા અધિકારી સુચના મુજબ જિલ્લામાં અત્યાર સુધી હોટલ, રેસ્ટોરન્ટ, હાઈવે પરના ઢાબા વગેરે જગ્યાઓ પર આકસ્મિક તપાસણી કરી અંદાજીત ૧૫૦ જેટલી ઘરેલું LPGની બોટલ સીઝ કરવામાં આવેલ છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, ગાંધીનગર દ્વારા અપાતી વખતોવખતની સૂચનાઓ મુજબ જિલ્લાની તમામ ગેસ એજન્સીઓ તથા તેમના ગોડાઉન ખાતે ગેસની બોટલ નિયમાનુસાર આપવામાં આવે છે કે કેમ? અને કોઈપણ પ્રકારે બિન જરૂરી સંગ્રહ કે કાળાબજાર ન થાય તે રીતની સુચારુ વ્યવસ્થા માટે દરેક ગેસ એજન્સી તથા ગોડાઉન ખાતે એક રેવન્યુ કર્મચારી તથા એક પોલીસ કર્મચારીના હુકમ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અત્રેથી તમામ OMCના અધિકારીતથા PNGના અધિકારી સાથે સંપર્કમાં રહી દૈનિક ધોરણે સમિક્ષા કરવામાં આવી રહી છે.

રાજકોટ શહેર તથા જિલ્લાના નાગરિકોને આ માર્ગદર્શિકા નું ચુસ્તપણે પાલન કરવા જિલ્લા કલેકટરએ અનુરોધ કર્યો છે.

# ૨૩ માર્ચે ખીજડીયા પ્રાથમિક શાળા ખાતે શહીદ દિને રક્તદાન કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આઝાદીના અમર લડવૈયાઓ શહીદ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવના બલિદાન દિવસ નિમિત્તે તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પવા માટે રાજકોટ તાલુકાના ખીજડીયા ગામે એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.




ખીજડીયા ગ્રામ પંચાયત અને ખીજડીયા પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કેમ્પ આગામી ૨૩ માર્ચ ૨૦૨૬, સોમવારના રોજ યોજાશે. રક્તદાન એ માનવતાનું સૌથી મોટું સેવાકાર્ય છે, અને જ્યારે દેશના શહીદોની યાદમાં આ કાર્ય થતું હોય ત્યારે તેનું મહત્વ અનેકગણું વધી જાય છે.

તા ૨૩ માર્ચ, સોમવાર સમય સવારે ૮ થી બપોરે વાગ્યા સુધી, સ્થળ : ખીજડીયા પ્રાથમિક શાળા, તા. રાજકોટ

આ પ્રસંગે આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે,અમર શહીદ ભગતસિંહ નું વાક્ય યાદ આવે છે ''ઝિંદગી તો અપને દમ પર હી જી જાતી હૈ, દૂસરોં કે કંધોં પર તો સિર્ફ જનાઝે ઉઠાએ જાતે હૈ'' - શહીદ ભગતસિંહના આ વિચારોને સાર્થક કરવા અને જરૂરિયાતમંદ દર્દીઓની વ્હારે આવવા માટે ગ્રામજનો અને યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રક્તદાતાઓ પોતાની સુવિધા માટે ઓનલાઈન ફોર્મ દ્વારા નોંધણી કરાવી શકે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ખીજડીયા ગ્રામ પંચાયત અને શાળા પરિવાર દ્વારા આજુબાજુના વિસ્તારના તમામ નાગરિકોને આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં જોડાઈને રક્તદાન કરવા અને વીર શહીદોને અંજલિ આપવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ઘઉંની ખરીદીની મુદતમાં ૨૭ માર્ચ સુધીનો વધારો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંની ખરીદી માટે લઘુતમ ટેકાના ભાવ રૂ.૨.૫૮૫/- પ્રતિ કવી. જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.. મારફતે કરવામાં આવનાર છે.

લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે ૦૧ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૬ સુધીની હતી. જેની મુદ્દત વધારીને તા.૧૩ માર્ચ થી તા.૨૭ માર્ચ ૨૦૨૬ કરવામાં આવેલ છે. તેમજ ઘઉંની ખરીદી તા.૧૫ મે ૨૦૨૬ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવે છે.ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭/૧૨ કે ૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/ખ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કાવાળો દાખલો, ખેડુતના નામના બેન્ક ખાતાની વિગત જેમ કે બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઇ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવાની રહેશે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે.

ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો ખેડૂતોનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહીં.

નોંધણી બાબતે કોઇ મુશકેલી જણાય તો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧,૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રૂ.૪૦૦ કરોડનો વેરો ભરપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલ્કતવેરા તથા પાણીવેરાની વસુલાત કામગીરી તા.૦૯-૦૪-૨૦૨૫ થી શરૂ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા સઘન આયોજન, સતત અનુસરણ તથા વિવિધ જનજાગૃતિ પ્રયાસોના પરિણામે વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન કરદાતાઓ તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કુલ ૪,૩૮,૪૪૨ કરદાતાઓ દ્વારા રૂ.૪૦૦.૮૯ કરોડ જેટલી માતબર રકમનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે, ગયા વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૪,૦૭,૨૭૬ કરદાતાઓ દ્વારા રૂ.૩૯૦.૮૬ કરોડનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો હતો. તેની તુલનામાં ચાલુ વર્ષે ૩૧,૧૬૬ જેટલા વધુ કરદાતાઓએ વેરો ભર્યો છે તેમજ રૂ.૧૦.૦૩ કરોડ જેટલી વધારાની આવક મહાનગરપાલિકાની તિજોરીમાં જમા થઈ છે.

હાલ મહાનગરપાલિકા દ્વારા કરદાતાઓને પ્રોત્સાહન આપવા માટે રૂ.૫૦૦૦ સુધીની વ્યાજ માફી યોજના અમલમાં છે. જેના કારણે શહેરના અનેક કરદાતાઓ પોતાનો બાકી વેરો ભરપાઈ કરવા આગળ આવી રહ્યા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકોને નમ્ર અનુરોધ કરવામાં આવે છે કે, તા.૩૧ માર્ચ સુધીમાં પોતાનો બાકી મિલ્કતવેરો તથા પાણીવેરો ભરપાઈ કરી રૂ.૫૦૦૦ સુધીની વ્યાજ માફીનો લાભ અવશ્ય મેળવે અને શહેરના વિકાસકાર્યોમાં પોતાનો સહયોગ આપે.

આ સમગ્ર કામગીરી મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં નાયબ કમિશનર સી.કે. નંદાણી, સેન્ટ્રલ ઝોનના આસિસ્ટન્ટ કમિશનર કાશ્મીરાબેન વાઢેર, વેસ્ટ ઝોનના આસિસ્ટન્ટ કમિશનર દીપેન ડોડીયા, ઈસ્ટ ઝોનના આસિસ્ટન્ટ કમિશનર એચ.પી. રૂપારેલીયા, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, હાર્દિકસિંહ જાડેજા, તેમજ ઈસ્ટ ઝોન મેનેજર ગૌરવ ઠક્કરના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ તમામ વોર્ડ ઓફિસર તથા ટેક્સ ઈન્સ્પેક્ટરઓ દ્વારા સઘન વેરા વસુલાત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

વર્તમાન સમયમાં બાકીદારો સામે સીલિંગ તથા રીકવરીની કામગીરી પણ ચાલુ રાખવામાં આવી છે, જેથી બાકી રહેલ વેરાની અસરકારક રીતે વસુલાત થઈ શકે.

રાજકોટ મહાનગરપાલિકા ફરી એક વખત શહેરના તમામ નાગરિકોને અપીલ કરે છે કે, વ્યાજ માફી યોજનાનો લાભ લઈ સમયસર વેરો ભરપાઈ કરી શહેરના વિકાસમાં ભાગીદાર બને.

# સાવધાન! મોરબીમાં પ્રતિબંધિત વિસ્તારમાં ડ્રોન ઉડાડનાર યુવક સામે કાર્યવાહી કરતી એસઓજી ટીમ

## મયુર બ્રિજ પર ડ્રોનથી વીડિયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં અપલોડ, જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના પ્રતિબંધિત વિસ્તારમાં આવેલા મયુર બ્રિજ ઉપર ડ્રોન ઉડાડી વીડિયો તથા ફોટા બનાવી ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરનાર યુવક સામે એસઓજી પોલીસે કાર્યવાહી કરી છે. જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરાયેલા નો ડ્રોન ઝોન જાહેરનામાના ભંગ બદલ યુવક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી જીલ્લામાં પ્રતિબંધિત વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા અંગે કડક નિયંત્રણ વચ્ચે મયુર બ્રિજ ઉપર ડ્રોન ઉડાડવાની ઘટના સામે આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમા એસઓજી ટીમ સોશિયલ મીડિયા સહિત વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર નજર રાખી રહી હતી. તે દરમિયાન ''Badi Liyakathushen'' નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં મોરબીના મયુર બ્રિજનો ડ્રોન કેમેરાથી ઉતારેલો આશરે ૩૯ સેકન્ડનો એરિયલ વીડિયો તેમજ ફોટોગ્રાફ તા. ૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ અપલોડ કરવામાં આવ્યા હતા. આ વીડિયો અને ફોટો ડ્રોન દ્વારા બ્રિજ ઉપરથી લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે જીલ્લા મેજિસ્ટ્રેટ મોરબી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામા મુજબ, મોરબી જીલ્લાના ૧૦૬ વિસ્તારોને પ્રતિબંધિત જાહેર કરી કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જેમાં મયુર બ્રિજને યેલો ઝોનમાં સામેલ કરી પુલના બન્ને છેડાથી ૫૦ મીટરની અંદર ડ્રોન ઉડાડવા મનાઈ ફરમાવવામાં આવી હતી. વધુમાં પોલીસ તપાસમાં આ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટનો ઉપયોગ કરનાર વ્યક્તિ આરોપી લીયાકતહુશેન અબ્દુલરહિમ બાદી ઉવ.૩૫ રહે. કેરાળા ગામ તા.વાંકાનેર વાળાનું હોવાનું બહાર આવ્યું હતું. જેથી એસઓજી પોલીસે આરોપીને કચેરીએ બોલાવી પ્રાથમિક પૂછપરછ તથા સમજણ કરી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી અટકાયત કર્યા વગર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં ભત્રીજીને પરેશાન ન કરવાનું કહેનાર કાકાને ફોન પર ધમકી, બે વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ ભત્રીજીને પરેશાન ન કરવા બાબતે ઠપકો આપતા કાકાને બે શખ્સોએ ફોન ઉપર ગાળો આપી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. ઘટનામાં આરોપીએ કુહાડી બતાવી ડરાવવાનો તથા લાકડીથી માર મારવાની ધમકી આપ્યાના બનાવ અંગેની ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નવીનભાઈ વિનોદભાઈ મકવાણા ઉવ.૨૩ રહે. ઉમીયા નગર મોરબી-૨ વાળા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ તેમણે અગાઉ આરોપી ધવલ પરમારને પોતાની ભત્રીજીને પરેશાન ન કરવા બાબતે ઠપકો આપ્યો હતો. તે બાબતનો ખાર રાખી આરોપી ધવલ પરમારે ફરિયાદીના મોબાઈલ પર ફોન કરી ઝઘડો કરવાની ધમકી આપી હતી તેમજ કુહાડી બતાવી ડરાવવાનો અને લાકડીથી માર મારવાની ધમકી આપી હતી. આ સાથે અન્ય આરોપી ગૌતમભાઈ પરમારે પણ ફોન પર ફરિયાદીની ભત્રીજી અંગે ગાળો બોલી બંનેએ ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી હતી. બનાવ અંગે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે આરોપી ધવલ પરમાર અને ગૌતમભાઈ પરમાર સામે બી.એન.એસ. કલમ ૩૫૧(૨), ૩૫૧(૪), ૩૫૨, ૫૪ તેમજ જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોરબી શહેર ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે જાગૃતિબેન દસાડિયાની નિમણૂક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ભાજપ દ્વારા વિવિધ મોરચાઓના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં મોરબી શહેર મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે જાગૃતિબેન રાજેશભાઈ દસાડિયાની પસંદગી કરવામાં આવતા તેમને ઠેર ઠેરથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.




મોરબી જીલ્લા ભાજપ દ્વારા જીલ્લા પ્રભારી સાથે પરામર્શ કરીને વિવિધ મોરચાઓના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે જીલ્લા ભાજપ પ્રમુખ જયંતિભાઈ રાજકોટિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી આ નિમણૂકોમાં મોરબી શહેર મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે જાગૃતિબેન રાજેશભાઈ દસાડિયાની પસંદગી કરવામાં આવી છે. જાગૃતિબેન દસાડિયાની નિમણૂક થતા ભાજપના કાર્યકરો અને શુભેચ્છકો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. પાર્ટી સંગઠનમાં તેઓ સક્રિય રહી મહિલા મોરચાને વધુ મજબૂત બનાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ધોરાજીના ઝાંઝમેર ગામે આધુનિક બસસ્ટેન્ડનું લોકાર્પણ પુર્વ સાંસદ રમેશ ધડુક હસ્તે કરાયું

## રમેશ ધડુકની ગ્રાંટમાથી પાંચ લાખના ખર્ચ આધુનિક બસસ્ટેન્ડ તૈયાર થયું

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**




મોટા શહેર જેવુ નાના ગામ આધુનિક બસ સ્ટેન્ડ લોકાર્પણ કરવામાં આવ્યું લોકો અનોખી ખુસી નો માહોલ જોવા મળ્યો ઝાંઝમેર ના સરપંચ કિરણ બેન બગડા ની મહેનત રંગ લાવી ઝાંઝમેર ઘણા બાધા સરપંચ દ્વારા વિકાસ ના કામો કરવામાં આવિયા છે પુર્વ સાંસદ રમેશ ધડુક મીડિયા જણાવ્યું કે ભાજપ સરકાર ગામડા થી શહેર સુધી લોકો પ્રાથમિક સુવિધાથી વંચિત ના રહે ભાજપ સરકાર દ્વારા યુદ્ધ ના ધોરણે વિકાસ ના કામો મા કટિબંધ છે.

ભાજપ સરકાર રોડ રસ્તા લોકો ને સારી સુવિધા મળે પુર્વ સાંસદ રમેશ ધડુક જણાવ્યું હતુ રાજકોટ ધોરાજી નો ઝાંઝમેર આખા ગામ સીસીટીવી કેમેરા રાખવામાં આવ્યા ગમ્ય પંચાયત કેમેરા ઉપર સતત નજર રાખવામાં આવે છે આખુ ગામ સીસીટીવી ફૂટેજ સજ્જ છે

# હરતું-ફરતું પશુ દવાખાનાની ઉત્તમ કામગીરી: જટિલ રૂમેનોટોમિ સર્જરી દ્વારા ભેંસના શરીરમાંથી લોખંડ કાઢી નવજીવન આપ્યું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાત સરકાર અને EMRI Green Health Servicesના સંયુક્ત ઉપક્રમે ચાલતું હરતું-ફરતું પશુ દવાખાનું ૧૯૬૨ હેઠળ કલાવડ તાલુકાના આનંદપર ટીમે એક ભેંસ પર સફળ સર્જરી કરીને તેના શરીરમાંથી લોખંડની વસ્તુઓ કાઢી પશુને નવજીવન આપ્યું છે.કલાવડ તાલુકાના ખડ ધોરાજી ગામના પશુપાલક લાલાભાઈએ ૧૯૬૨ આનંદપર ટીમને જાણ કરી હતી કે તેમની ભેંસ છેલ્લા કેટલાક દિવસોથી ખાવા-પીવામાં ઘટાડો કરી રહી છે અને તેનું શરીર દિવસે દિવસે કમજોર બનતું જઈ રહ્યું છે. માહિતી મળતાં ૧૯૬૨ આનંદપર લોકેશનના પશુચિકિત્સક ડૉ. નરેશ વાંકાર દ્વારા સ્થળ પર જઈ પશુની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ભેંસના શરીરમાં લોખંડની વસ્તુઓ હોવાની શક્યતા જણાઈ આવી.પશુપાલકની સંમતિથી ભેંસ પર જટિલ રૂમેનોટોમિ સર્જરી કરવામાં આવી. લગભગ ત્રણ કલાકની મહેનત બાદ ડૉ. નરેશ વાંકાર તથા પાઇલટ-કમ-ડ્રેસર હુસેનભાઈ દ્વારા ભેંસના શરીરમાંથી લોખંડ અને પથ્થરની વસ્તુઓ સફળતાપૂર્વક કાઢવામાં આવી અને પશુને નવજીવન આપવામાં આવ્યું. આ સમગ્ર સારવાર નિશુલ્ક કરવામાં આવી હતી.આ ઉત્તમ કામગીરી બદલ ૧૯૬૨ જામનગર જિલ્લાના કોઓર્ડિનેટર પિયુષભાઈ પરમાર અને જામનગર ઝોનના પ્રોગ્રામ મેનેજર ડૉ. મહંમદ શોયબ ખાન દ્વારા આનંદપર ટીમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.ડૉ. શોયબ ખાને જણાવ્યું હતું કે હરતું-ફરતું પશુ દવાખાનું ગ્રામિણ વિસ્તારોમાં સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી કાર્યરત રહે છે. ઉપરાંત, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ જામનગર શહેરમાં સુધી સેવા આપે છે. પશુપાલકો તથા જનતાને આ સેવાઓનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# મોરબી જીલ્લામાં કમોસમી વરસાદની આગાહીને પગલે ખેડૂત જોગ સાવચેતીનો સંદેશ

## તા. ૧૮ થી ૨૧ માર્ચ દરમિયાન ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી અનુસાર, આગામી તા. ૧૮/૦૩/૨૦૨૬ થી તા. ૨૧/૦૩/૨૦૨૬ દરમિયાન મોરબી જીલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. આ સંભવિત માવઠાને કારણે ખેતી પાકોમાં નુકસાન ન થાય તે હેતુથી જીલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતો, વેપારીઓ અને એ.પી.એમ.સી.ને અગમચેતીના પગલાં લેવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

ખેડૂત મિત્રોએ ખેતરમાં કાપણી કરેલા પાક અથવા ખુલ્લામાં રાખેલી જણસને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવી અથવા પ્લાસ્ટિકની તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવી જોઈએ. વરસાદનું પાણી ઢગલાની નીચે ન જાય તે માટે ફરતે માટીનો પાળો બનાવવાની સલાહ આપવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ખેતરમાં જંતુનાશક દવા કે ખાતરનો ઉપયોગ ટાળવો હિતાવહ છે. તેવી જ રીતે, ખાતર અને બિયારણના વિક્રેતાઓએ પોતાના ગોડાઉનમાં જથ્થો સુરક્ષિત રાખવો જેથી ભેજ કે વરસાદી પાણીથી બગાડ ન થાય.

માર્કેટિંગ યાર્ડમાં વેચાણ અર્થે આવતા ખેડૂતો અને વેપારીઓએ પણ સાવચેતી રાખવી અને શક્ય હોય તો આ દિવસો દરમિયાન જણસ લાવવાનું ટાળવું અથવા પૂરતી સુરક્ષા વ્યવસ્થા સાથે રાખવી. આ અંગે વધુ જાણકારી કે માર્ગદર્શન માટે સ્થાનિક ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી અથવા જીલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરી શકાય છે. ઉપરાંત, કિસાન કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પરથી પણ માહિતી મેળવી શકાશે. 'અગમચેતી એ જ સલામતી'ના મંત્રને અનુસરી ખેડૂતોને આર્થિક નુકસાનથી બચવા જીલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ટંકારાના ઘુનડા ગામે અગાઉના જમીન વિવાદમાં ૭૦ વર્ષીય કાકા પર ચાર ભત્રીજાઓનો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના ઘુનડા (સજનપર) ગામે અગાઉ થયેલ જમીન બાબતના જૂના વિવાદનો ખાર રાખી ચાર ભત્રીજાઓએ પોતાના ૭૦ વર્ષીય કાકાને માર માર્યાની ઘટના સામે આવી છે. જેમાં મહાકાળી માતાજીના મંદિરે શ્રીફળ વાધેરવા આવેલ કાકાને ચારેય ભત્રીજાઓએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ ભોગ બનનાર વૃદ્ધે વધુ માર મારવાના ડરના કારણે બનાવના એક મહિના બાદ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી-૨ સો ઓરડી રોડ પરશુરામ પોટરી વિસ્તારમાં રહેતા ધનજીભાઈ દેવજીભાઈ જાદવ ઉવ.૭૦ તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ટંકારા તાલુકાના ઘુનડા (સજનપર) ગામે મહાકાળી માતાજીના મંદિરે શ્રીફળ ચઢાવવા ગયા હતા. તે દરમિયાન અગાઉ જમીન બાબતે થયેલી બોલાચાલીના કારણે ખાર રાખનાર તેમના ચાર ભત્રીજાઓ દેવજીભાઈ, હરેશભાઈ, રમેશભાઈ અને નરેશભાઈ માવજીભાઈ જાદવ તમામ રહે. ઘુનડા(સ) તા. ટંકારા વાળાએ મંદિર બહાર શેરીમાં તેમને રોકી 'તારે અહીં આવવાનું નથી' તેવી બોલાચાલી કરી હતી. ત્યારે ફરિયાદી દ્વારા કહેલ કે મંદિર સૌનું છે, તેમ કહેતા ચારેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી લાકડાના ધોકા વડે તેમજ ઢીકાપાટુનો માર મારી ધમકી આપી હતી. ત્યારે આ હુમલામાં વૃદ્ધને શરીરે ઈજાઓ પહોંચી હતી. હાલ આ બનાવ અંગે ટંકારા પોલીસે ચારેય આરોપીઓ સામે બી.એન.એસ. કલમ અને જી.પી. એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં ટીબીની બીમારીની સારવાર દરમિયાન ૩૨ વર્ષીય યુવતીનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના શોભેશ્વર રોડ વિસ્તારમાં રહેતી ૩૨ વર્ષીય યુવતીનું ટીબીની બીમારીમાં વધુ તબિયત બગડતાં સારવાર દરમિયાન મોત થયું છે. બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, શોભેશ્વર રોડ પર ચિંતક વિદ્યાલયની બાજુમાં ભાડાના મકાનમાં રહેતા કોમલબેન દેવશીભાઈ ચંદ્રાવડીયા ઉવ.૩૨ લાંબા સમયથી ટીબીની બીમારીથી પીડાઈ રહ્યા હતા. ત્યારે તે દરમિયાન તા. ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ તેમની તબિયત વધુ બગડતાં તેણીને મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. જોકે સારવાર દરમિયાન તા.૧૫ માર્ચના રોજ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે કોમલબેનના પિતા દેવશી રણમલભાઈ ચંદ્રાવડીયા પાસેથી પ્રાથમિક વિગતો મેળવી બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના ટીંબડી પાટીયા નજીક વિદેશી દારૂની એક બોટલ સાથે યુવક પકડાયો

પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોરબી-માળીયા હાઈવે ઉઓર ટીંબડી ગામના પાટીયા નજીક શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા ઈસમને રોકી તેની અંગ ઝડતી કરતા, પેન્ટના નેફામાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૧,૩૦૦/-મળી આવી હતી, જેથી તુરંત આરોપી ભરતભાઈ બાબુભાઈ સાગઠીયા ઉવ.૨૦ રહે. લીલાપર તા.જી.મોરબી વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજકોટમાં દલિત યુવાનની હત્યાના કેસમાં ત્રણ આરોપીઓ ઝડપાયા: સુત્રધાર સહિત બે ની શોધખોળ







### આરાપીઓને પકડવાની માંગ સાથે ઉગ્ર દેખાવો: પોલીસનો હળવો લાઠીચાર્જ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયાધાર પાસે રાત્રીના કાકા ભત્રીજા ઉપર કારમાં હથીયારો સાથે ધસી આવેલા પાંચ શખસોએ ખૂની હુમલો કર્યો હતો જેમા ગંભીર રીતે ધાયલ મણીનગરમાં રહેતા ભાવેશ ડાયાભાઈ વાણવી (ઉ.૩૨) મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવને પગલે મૃતકના પરીવારે આરોપીઓને પકડી કડક સજા કરવાની માંગ સાથે લાશ લેવાનો ઈન્કાર કરી ધરણા ઉપર બેસી ગયા હતા. બાદમાં કલેકટર અને પોલીસ કમીશનરને રજુઆત કરી લાશ સાથે આગેવાનો દ્વારા સીવીલ ચોક ખાતે ધરણા કર્યા હતા.

તે દરમિયાન રસ્તા પર વાહન રોકવાના મામલે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હતો અને પાંચ લોકોની અટકાયત કરી હતી. જયારે યુવકની હત્યામાં પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી લઈ વધુ બે આરોપીઓની શોધખોળ કરી છે.

આ બનાવની વિગત મુજબ મણીનગરમાં રહેતો ભાવેશ વાણવી તેનો ભત્રીજો પ્રિન્સ સુનીલભાઈ વાણવી (ઉ.૧૭) અને મિત્ર રાહુલ કાનજીભાઈ પરમાર સાથે રૈયાધાર પાસેના સોપાન હાઈટ્સ પાસે બેઠા હતા બાદમાં ઘેર જમવા જવાનુ કહી ભાવેશ સહીતના મોટર સાઈકલમાં બેસી નિકળ્યા હતા. તે દરમ્યાન દ્રારકાધીસ મેઈન રોડ ઉપર પહોચતા કારમાં ધસી આવેલા હમીર મેરા જોગરાણા સહીતના પાંચથી છ શખસોએ આંતરી ધારીયા, કુહાડી, ધોકા સાથે હુમલો કર્યો હતો. બાદમાં ભાવેશને કારમાં બેસાડી ઉઠાવી ગયા બાદ થોડે દૂર ફેકી દેતા બન્નેને સારવ-ાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતા.વેમા ગંભીર રીતે ધાયલનું સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસે તપાસ કરતા અગાઉ પણ સ્ત્રી મિત્ર બાબતે થયેલા ઝઘડામાં સમાધાન થઈ ગયુ હતુ.બાદમાં આરોપી હમીર જોગરાણાએ જલારામ ચોકમાં રસનો ચિચોડો રાખી ધંધો કર્યો હતો. જેમાં મૃતક ભાવેશે આરએમસીમાં ફરીયાદ કરી હોય જે બાબતે ડખ્ખો થયો હતો. જેનો ખાર રાખી હુમલો કર્યાનું બહાર આવતા પોલીસે મિત્ર રાહુલની ફરીયાદ ઉપરથી હત્યાની કોશીષ, હત્યા, એટ્રોસીટી, અપહરણ સહીતનો પાંચ શખસો સામે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

બનાવને પગલે મૃતકના પરીવારે આરોપીઓને તત્કાલ પકડી લેવાની માંગ કરી લાશ લેવાના ઈન્કાર સાથે પીએમ રૂમ પાસે ધરણા કર્યા હતા. જેમા પોલીસ હાય હાય ના નારા લગાવી પોલીસ સાથે ઘર્ષણ કર્યુ હતુ. તેમજ સમાજના આગેવાનો સહીતના કલેકટરને આવેદન સાથે રજુઆત કરી હતી. જેમા આરોપીઓ સામે ગુજસીટોકનો ગુનો નોધવા, મૃતકની પત્ની અને બાળકોના શિક્ષણ અને રહેવા માટે મકાન આપવાની માંગ કરી પોલીસ કમીશનર કચેરીએ રજુઆત કરી હતી. દરમિયાન લાશ લઈ સિવીલ હોસ્પિટલ ચોક ખાતે બાબા આંબેડકરની પ્રતિમા પાસે લઈ જઈ ધરણા બાદ વાહન રોકવાના મામલે ઝપાઝપી કરતા પોલીસે હળવો લાઠીચાર્જ કરી પાંચ લોકોની અટકાયત કરી હતી. લાઠીચાર્જમાં ઘાયલ સમાજના આગેવાન ડી.ડી. સોલંકી સહિતનાઓને ઈજા થતા સારવાર માટે ખસેડાયા છે. જયારે પોલીસે ખુનના ગુનામાં રવિ જોગરાણા, સાગર જોગરાણા અને ગોપાલ જોગરાણાની અટકાયત કરી વધુ કાર્યવાહી કરી છે. જયારે રાત્રીના મૃતક ભાવેશના પરિવારજનો લાશ લઈ વંથલી ખાતે અંતિમ સંસ્કાર માટે લઈ ગયા હતા.

# બાટલાના સંગ્રહખોરો પર તંત્રની તવાઈ: જિલ્લાની ૧૮ ગેસ એજન્સીમાં તંત્ર ત્રાટક્યું

### રાજકોટ, લોધીકા, મેટોડા, ગોંડલ, કોટડા સાંગાણીમાં દરોડા : ૧૧૦ સિલિન્ડર કબજે : બિલિયાળામાં ૧૫ ભરેલા, ૧૦ ખાલી, ગોંડલ શહેરમાં ૩૮, મેટોડાના પરિશ્રમ રેસ્ટોરન્ટમાંથી ૧૦ નંગ સિલિન્ડર પકડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા ભીષણ યુદ્ધને કારણે ભારતમાં ગેસની સપ્લાયને અસર પહોંચ્યાના દાવા વચ્ચે લોકો દ્વારા ધડાધડ ગેસ સિલિન્ડરનું બુકિંગ કરવામાં આવી રહ્યું હોય વેઈટિંગની સંખ્યા હજારોને પાર થવા પામી છે.

બીજી બાજુ સંગ્રહખોરો દ્વારા મોટી સંખ્યામાં ગેસ સિલિન્ડરનો સંગ્રહ કરવામાં આવી રહ્યાનું ધ્યાન પર આવતાં જ જિલ્લા કલેક્ટર તંત્ર તેમજ જિલ્લા પૂરવઠા વિભાગ દ્વારા એક બાદ એક દરોડા પાડવાનું શરુ કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા રાજકોટ ઉપરાંત લોધીકા, મેટોડા, ગોંડલ શહેર-તાલુકા, કોટડા સાંગાણી, ઉપલેટા, ધોરાજી, જેતપુર સહિતના સ્થળે દરોડા પાડી ગેરકાયદેસર રીતે રાખેલા ૧૧૦ સિલિન્ડર કબજે કરી સીઝ કરવામાં આવ્યા હતા. ગોંડલના બિલિયાળામાં ૧૫ નંગ ભરેલા અને દસ નંગ ખાલી સિલિન્ડર તો ગોંડલ શહેરમાં ૩૮ સિલિન્ડર કબજે કરવામાં આવ્યા હતા. આ જ પ્રમાણે મેટોડાના પરિશ્રમ રેસ્ટોરન્ટમાં તપાસ કરવામાં આવતાં દસ નંગ સિલિન્ડર મળી આવતાં તેને સીઝ કરવામાં આવ્યા હતા. જ્યારે કોટડા સાંગાણીના પડવલા ગામે એક નંગ, રામોદ ગામે ઘરમાંથી ૩૧ નંગ ઘરેલુ સિલિન્ડર મળી આવ્યા હતા.બીજી બાજુ એજન્સી દ્વારા પણ કોઈ પ્રકારની ગેરરીતિ આચરવામાં ન આવે તે માટે ત્યાં પણ ચેકિંગ કરી પોલીસ, મામલતદાર સહિતનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. એકંદરે જિલ્લા કલેક્ટર દ્વારા મામલતદારની આગેવાનીમાં ૫૦ ટીમ બનાવી એક સાથે ચેકિંગ કરવા આદેશ અપાતાં જ ઠેર-ઠેર ટીમ ત્રાટકી હતી.

# દેશભરમાં ચકચારી બનેલા ઉના કાંડમાં ૫ દોષિત, ૩૭ નિર્દોષ: વેરાવળ કોર્ટનો ચુકાદો

### ૨૦૧૬માં ચાર યુવાનોને ગૌરક્ષકોએ જાહેરમાં માર મારી ગાડી સાથે બાંધી અત્યાચાર કર્યો હતો



**મુખ્ય સમાચાર, વેરાવળ**

એક દાયકા પહેલા માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં ગાજેલા ઉના કાંડમાં વેરાવળની કોર્ટે પાંચને દોષિત ઠેરવ્યા છે જયારે પુરાવાના અભાવે ૩૭ આરોપીને નિર્દોષ ગણીને છોડવા આદેશ આપ્યો છે. આ કેસમાં દોષિતોને મંગળવારે સજા સંભાળવવામાં આવશે.

જે આરોપીને દોષિત ગણવામાં આવ્યા છે તેમાં રમેશ જાદવ, રાકેશ જોશી, પ્રમોદ ગૌસ્વામી, નાગજી ડાયાઅને બળવંત ગૌસ્વામીનો સમાવેશ થાય છે. કોર્ટે જે ૩૭ને નિર્દોષ ગણ્યા છે તેમાં ચાર પોલીસ કર્મચારીનો પણ સમાવેશ થાય છે.૩૭ આરોપીઓને નિર્દોષ જાહેર કરી છુટકારો અપાયો છે જેમાં ચાર પોલીસકર્મીઓ પણ સામેલ છે

આ કેસ ૨૦૧૬માં બનેલી ઘટનાથી જોડાયેલો છે. ૧૧ જુલાઈ ૨૦૧૬ના રોજ ઉના તાલુકાના મોટા સમઢિયાળા ગામમાં અનુસુચિત જાતીના ચાર યુવાનોને ગૌમાંસના આરોપમાં કહેવાતા ગૌરક્ષકો દ્વારા જાહેરમાં લાકડીઓ અને પટ્ટા વડે માર મારવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આરોપીઓને કાર સાથે બાંધી લાકડીઓ, પાઈપો સહિતના હથિયારો વડે માર મારી અત્યાચાર ગુજાર્યો હતો. આ ચકચારભર્યા કેસમાં ૪ પોલીસ અધિકારી સહિત કુલ ૪૨ આરોપીઓની ધરપકડ થઈ હતી. ઉનાકાંડ બાદ સમગ્ર દેશભરમાં અનુસુચિત જાતિ સમાજમાં બહુ ઘેરા પ્રત્યાઘાત પડયા હતા અને સ્ફોટક સ્થિતિ બની હતી. માત્ર ગુજરાતમાં જ હુલ્લડના ૭૪ બનાવો બન્યા હતા, જેમાં એક પોલીસ કર્મીનું મોત નોંધાયુ હતું, જયારે કરોડો રૂપિયાની જાહેર મિલકતોને નુકસાન થયુ હતું.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર રાજ્યમાં ભારે આક્રોશ ફેલાયો હતો. ઘટનાની ગંભીરતા જોતા સરકાર દ્વારા કેસની તપાસ ક્રાઈમ, અમદાવાદને સોંપવામાં આવી હતી. આ મામલો વેરાવળ કોર્ટમાં એટ્રો સેશન કેસ નંબર ૮૧૮ હેઠળ ચાલી રહ્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલી સુનાવણી બાદ કોર્ટ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે દોષિત ઠેરવાયેલા પાંચ આરોપીઓને મંગળવારે સજા સંભળાવવામાં આવશે.

# ભાવનગર હાઈ-વે પર ત્રંબા નજીક અકસ્માત પત્નીની નજર સામે પતિએ દમ તોડયો

### ભત્રીજીના સગપણની વાત કરી પરત ફરતા દંપતીને કાળ ભેટ્યો, ટ્રક નીચે કચડાઇ જતાં પતિનું મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરના ભાગોળે આવેલા ભાવનગર હાઈ-વે પર ત્રંબા ગામ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં પુરપાટ ઝડપે આવેલા ટ્રકે બાઈક સવાર દંપતીને હડફેટે લેતા બાઈક ચાલક પ્રૌઢનું પત્નીની નજર સામે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે પત્નીને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી બનાવ અંગે આજીડેમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, શહેરના ગંજીવાડા વિસ્તારમાં રહેતા હેમંતભાઈ અમરશીભાઈ મકવાણા (ઉ.વ. ૪૫) અને તેમના પત્ની પ્રભાબેન (ઉ.વ. ૪૨) ત્રંબા ખાતે તેમની ભત્રીજીના સગપણની વાત કરવા માટે ગયા હતા. ત્યાંથી પરત ફરતી વેળાએ ત્રંબા નજીક જય દ્વારકાધીશ હોટલ પાસે પહોંચતા જ જીજે-૧૦-એક્સ-૭૩૪૧ નંબરના ટ્રકે હેમંતભાઈના બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતા જ દંપતી રોડ પર પટકાયું હતું. કમનસીબે હેમંતભાઈ પર ટ્રકનું તોતિંગ વ્હીલ ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતા જ આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. મૃતકના પત્ની પ્રભાબેનની ફરિયાદના આધારે પોલીસે ટ્રક ચાલક મુકેશ કાબાભાઈ વિસાવડીયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે પીએસઆઈ પી.કે. ગામેતી વધુ તપાસ ચલાવી રહ્યા છે. બે પુત્રીઓએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવ-ારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# નટેશ્વર મંદિરમાં દાનપેટી તોડી ચોરી કરનાર રીઢો શખ્સ ઝડપાયો

### કુખ્યાત મેહુલ ઉર્ફે ભુરીની પોલીસે કરી ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

૮૦ ફૂટ રોડ પર આવેલ નટેશ્વર મહાદેવ મંદિરની દાનપેટી તોડી રોકડ રકમ, પિતળની ટંકોરી, સ્ટીલની ડોલ સહીત રૂ. ૧૦,૮૦૦ ની ચોરી અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી કુખ્યાત તસ્કર મેહુલ ઉર્ફે ભૂરીને દુખોથી રૂ. ૧૩૦૦ નો મુથામાલ રીકવર કર્યો હતો.

બનાવ અંગે કોઠારીયા કોલોની ક્વાર્ટર નં.-૩૦૪ માં રહેતા ૪૦ વર્ષીય વેપારી યુવાન વિરભદ્રસિંહ માનુભા જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ૮૦ ફુટ રોડ ખાતે રામનાય ઓટો કંસલ્ટન્ટ નામે વાહન લે-વેચનો ધંધો કરે છે અને ૮૦ ફૂટ રોડ ખાતે આવેલ નટેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે પણ સેવા આપે છે. મંદીરમા ગોવિંદપરી કેસવપરી ગૌરસ્વામી પુજારી તરીકે સેવા આપે છે.

ગઈ તા. ૧૪ ના બપોરના આશરે બાર વાગ્યે મંઢીરના પુજારી ગોવિંદપરી ગૌસ્વામીનો ફોન આવેલ કે, મંદિરમાં ચોરી થયેલ છે. જેથી તરત જ મંદીર ખાતે રૂબરૂ જઈ જોતા જુદી જુદી જગ્યાએ રાખેલ કુલ ચાર દાન પેઢીના નિચેની સાઈડમાં આવેલ લોક તુટેલા હતા. જેથી મંદીરના બીજા ટ્રસ્ટીઓને આ બાબતની જાણ કરતા થોડીવારમાં તેઓ બન્ને તપાસ કરતા વગાડવાની પીતળની ટંકોરી તેમજ સ્ટીલની ડોલ પણ મળી આવેઠા નહીં. જે થી મંદીરની ઓફીસમાં રહેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા તેમા તા. ૧૪ ના રાત્રીના સવા ચાર વાગ્યે એક શખ્સ મંદીરમાં પ્રવેશ કરી દાનપેટીઓ તોડી ચોરી કરતો જોવા મળેલ હતો. જેથી દાનપેટીમાં રહેલ આશરે શેકડ રૂ. ૧૦ હજાર, પીતળની ટંકોરી જેની કિંમત રૂ.૫૦૦, સ્ટીલની ડોલની રૂ.૩૦૦ ની ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે. જે.ગોહિલની ટીમ ટેકનિકલ અને હ્યુમન સોર્સીસના આધારે બનાવ સ્થળની આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરી ગુનો ડિટેક્ટ કરવા પ્રયત્નશીલ હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ મયુરદાન બાટી અને કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજાને ખાનગી રાહે હકીકત મળી હતી કે, અગાઉ ચોરીના અનેક ગુનામાં પકડાઈ ચૂકેલ શખ્સ શંકાસ્પદ સામાન સાથે બાપુનગર બગીચા પાસે બેસેલ છે. જે હકીકત મળતાની સાથે જ ભક્તિનગર પોલિસની ટીમે બાપુનગર બગીચા ખાતે જઈ રોકડ રૂપિયા અને સામાન સાથે મળી આવેલ શખ્સની યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેણે નટેસ્વર મહાદેવ મંદિરમાં ચોરી કર્યાની કેફિયત આપતા ભક્તિનગર પોલીસની ટીમે કુખ્યાત તસ્કર મેહુલ ઉર્ફે ભૂરી ઉર્ફે મામો પનજીભાઈ જેઠવા (રહે નવલનગર શેરી નં -૨, મવડી રોડ,)ની ધરપકડ કરી રૂ. ૫૫૦૦ ની રોકડ તેમજ સ્ટીલની ડોલ અને પિતાની ટંકોરી મળી કુલ રૂ. ૧૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# શાપરમાં કાકી સાથે ઝઘડો થતા ભત્રીજાએ ઝેરી દવા પીધી

રાજકોટના શાપર-વેરાવળ વિસ્તારમાં આવેલ મફતિયા પરામાં રહેતા એક ૩૫ વર્ષીય યુવાને પારિવારિક અણબનાવને કારણે ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. યુવાનને ગંભીર હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ, ૩૫ વર્ષીય વિજય ચંદુભાઈ બોરીચાએ ગત રાત્રિના સમયે પોતાના ઘરે કોઈ ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની થતા પરિવારજનોએ તેને હોસ્પિટલ પહોંચાડયો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વિજયને તેના કાકી સાથે કોઈ બાબતે ઉગ્ર ઝઘડો થયો હતો. આ બોલાચાલી બાદ આવેશમાં આવી આવીને યુવાને આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. વિજય વ્યવસાયે મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે.પરિવારમાં તે બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો છે. હાલમાં તેની હાલત સારી હોવાનું જણાઈ રહ્યું છે. સ્થાનિક પોલીસે આ બનાવની નોંધ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# કેસર કેરીનું ગોંડલમાં આગમન, બોકસનાં ૫૫૦૦ બોલાયા

**મુખ્ય સમાચાર, ગોંડલ**



ગોંડલ બસસ્ટેન્ડ સામે આવેલ APMC ફ્રુટ માર્કેટીગ યાર્ડમાં ફળોની રાણી ગણાતી કેસર કેરીનું આજથી આગમન થયું છે. ગોંડલ ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં ગણેશ ફ્રુટ નામની પેઢીમાં જસાધાર અને કંટાળા અને મોતીસર ગામના ખેડૂત ગીરની કેસર કેરીના ૧૦ કિલોના ૨૦૦ બોક્સ લઈ ગોંડલ ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં આવી પોહચ્યા હતા. આજરોજ ગોંડલ APMC ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની હરાજી કરવામાં આવી હતી. હરાજીમાં ૧૦ કિલોના ૧ બોક્સનો ઉંચો ભાવ રૂ.૫૫૦૦ તથા નીચો ભાવ રૂપિયા ૨૫૦૦ બોલાયો હતો. ગોંડલ જુના યાર્ડમાં આવેલ રાદડિયા ફ્રૂટના વેપારી દિવ્યેશભાઈ રાદડિયાએ હરાજીમાં ઉંચા ભાવે કેસર કેરીની ખરીદી કરી હતી. ઉનાળાની સીઝનની કેસર કેરીની પ્રથમ આવક થવા પામી હતી. સ્વાદના શોખીનો કેસર કેરીની તગડી કિંમત ચુકવી ખરીદી કરી રહ્યા છે.

ગોંડલ ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં ગણેશ ફ્રુટ નામની પેઢી ધરાવતા કિશોરભાઈએ વધુમાં જણાવ્યું હતું કે ફળો ની રાણી ગણાતી કેસર કેરીનું ઉનાળાની સીઝનની પ્રથમ આવક થવા પામી હતી. આજરોજ જસાધાર, કંટાળા, મોતીસર ગામના ખેડૂત કેસર કેરીના કુલ ૨૦૦ બોક્સ લઈ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં હરાજી માટે આવી પોહચ્યા હતા.

ગોંડલ ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં ઉનાળાની સિઝન દરમ્યાન કાંટાળા, તલાલા, ગીર ગઢડાનું જસાધાર, બાબરીયા સહિતના પંથક માંથી ખેડૂતો કેસર કેરી વેચવા માટે અહીં આવતા હોય છે. ગોંડલ ફ્રુટ માર્કેટિંગ યાર્ડ કેસર કેરીનું હબ ગણવામાં આવે છે. જેનું મુખ્ય કારણ એ પણ છે કે સમગ્ર સૌરાષ્ટ્ર ભર માંથી વેપારીઓ અહીં ખરીદી કરવા આવતા હોય છે.ત્યારે આ વર્ષે પણ આગામી દિવસોમાં કેસર કેરી ની આવકમાં વધારો થશે. આ વર્ષે બજારમાં કેસર કેરીનું આગમન ગત વર્ષ કરતા ૮ દિવસ વહેલી આવક થઈ હતી. આજરોજ હરાજીમાં કેસર કેરીના ૧૦ કિલો બોક્સના રૂપિયા ૫૫૦૦/- ઊંચો ભાવ બોલાતા ખેડૂતોમાં આનંદની લાગણી છ્વાઈ હતી.

# ગાઢ ધુમ્મસથી રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની હવાઈ સેવા ખોરવાઈ

### ઈન્ડિગોની સવારની બંને ફલાઈટે આકાશમાં બે - બે ચકકર કાપ્યા છતાં લેન્ડિંગ નહીં થતા ડાયવર્ટ કરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉનાળુ ઋતુના પ્રારંભે વાતાવરણમાં થયેલા બદલાવની આજે રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં અસર જોવા મળી હતી ઈન્ડિગો એર લાઈન્સની સવારની મુંબઈ- રાજકોટ- મુંબઈ અને પુના- રાજકોટ- પુના બંને ફલાઈટ ગાઢ ધુમ્મસના પગલે રન વેની વિઝીબીલીટી ખોરવાતા બંને ફલાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. બંને ફલાઈટોનું અમદાવાદ એરપોર્ટમાં સફળતાપૂર્વક લેન્ડીંગ થતા મુસાફરોએ હાશકારો અનુભવ્યો હતો.

રાજકોટના હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આજે વહેલી પરોઢથી ગાઢ ધુમ્મસની સવારી ઉતરી હતી દરમિયાન સવારના ૭-૩૦થી ૮-૩૦ કલાક દરમિયાન ઈન્ડિગો એર લાઈન્સની મુંબઈ- રાજકોટ -મુંબઈ અને પૂના- રાજકોટ- પૂના ફલાઈટ તેના નિર્ધારિત સમયે આવી પહોંચી હતી.



પરંતુ રનવેની વિઝીબીલીટી શુન્ય થતા આ બંને ફલાઈટ લેન્ડીંગ માટે આકાશમાં બે ચકકર કાપ્યા બાદ વેધર કલીન નહી થતા આખરે બંને ફલાઈટને અમદાવાદ એરપોર્ટ ડાયવર્ટ કરતા આ બંને ફલાઈટ અમદાવાદ એરપોર્ટમાં સફળતાપૂર્વક લેન્ડીંગ થઈ હતી.

સવારના ૧૦ કલાક બાદ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ વાતાવરણ કલીન થતા બંને ફલાઈટો રાજકોટ આવી પરત મુંબઈ-પૂના- જવા લેન્ડીંગ થઈ હતી. ગાઢ ધુમ્મસના કારણે બંને ફલાઈટના મુસાફરો નિર્ધારિત સમયના આગમન પ્રસ્થાન માટે બેથી ત્રણ કલાકનો સમય વિતાવવો પડયો હતો.